# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫/— આજીવન ૨૫૧/—
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/ (વિમાનથી) આજીવન ૫૦૦૦/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર— ૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ—avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| સુવર્ણ પ્રભાત | મા સર્વેશ્વરી | ૪ |
| રોમનું રાજ્ય પૂરું થયું, રામરાજ્ય શરૂ થયું | તંત્રી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| મૌનના માધ્યમથી સેવાની પીઠ થાબડનારા સાચા ગાંધીજન | ભદ્રાયુ વછરાજાની | ૧૩ |
| પૂ.માની ઈટાલી યાત્રા | પૂ.મા.શ્રી સર્વેશ્વરી | ૧૯ |
| પૂ.શ્રી રણછોડદાસજી મહારાજના પ્રેરક પ્રસંગો | સંકલન પરમાર્થી, મૂળ લેખિકા—દમયંતી સેજપાલ | ૨૩ |
| બધા ધર્મોનો સાર માતામાં! | ગુણવંત શાહ | ૨૮ |
| નામ જપમાં અરૂચિનું કારણ | સ્વામી રામસુખદાસજી | ૩૩ |
| શ્રેષ્ઠ કર્મ કયી રીતે થાય? | જ્યોતિબેન થાનકી | ૩૭ |
| આગનાં આંસુ | મકરંદ દવે | ૪૩ |
| આત્મા | દયાનંદ તીર્થ | ૪૭ |
| ભગવાન પ્રાર્થનાનો જવાબ કઇ રીતે આપે છે | ડૉ.આઈ.કે.વીજળીવાળા | ૫૦ |
| ખળે ખબરું થાય | જયભિખ્ખુ | ૫૭ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૨ |

# સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ — શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઈ લાડ — શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# સુવર્ણ પ્રભાત

**મા સર્વેશ્વરી**

**"આ દેશ એ દૈવી શક્તિના હાથમાં સુરક્ષિત છે અને રહેશે."**

પૂ. શ્રી ગુરુદેવપ્રભુની આત્મકથા પ્રકાશપંથના અંતિમ પ્રકરણના આ શબ્દો હવે સત્યના શણગાર સાથે વિશ્વમંચ ઉપર પધારી રહ્યા છે.

પૂ. શ્રી ગુરુદેવપ્રભુ માતૃભક્ત, રાષ્ટ્રભક્ત છે. એમના સાત્ત્વિક સપનાને સાકાર કરવાની પરમાત્માની આ યોજના છે.

લોકશાહી ભારતના જાગ્રત નાગરિકે જે રાજકીય કાયાપલટ કરી છે તેની પાછળ દૈવી શક્તિની ઇચ્છા ને આશીર્વાદ પથરાયેલા છે. અનેક સંત, ભક્તોની પ્રાર્થનાઓનો એ પ્રત્યુત્તર છે.

ગુજરાતના નાથ હવે રાષ્ટ્રના સુકાનીપદે પ્રતિષ્ઠિત થઈ રહ્યા છે તો પ્રાર્થનાથી વધાવીશું.

હે પ્રભુ! માતૃભૂમિ ભારતની રક્ષા થાય, દેશભક્ત, સમર્પિત સેવક સૂત્રધારની રક્ષા થાય, વિશ્વના મંચે સ્વતંત્ર ભારત સૂર્યની જેમ સુખ, શાંતિ, સમૃદ્ધિ સાથે ઝળહળતું રહે.

આ પ્રાર્થના સાથે નિત્યપ્રભાતે એક પ્રણામ પરમાત્માને કરીશું. આજથી આ એક પ્રણામના નિયમથી માતૃભૂમિના ઋણનો નિત્ય સ્વીકાર કરીશું.

વંદન હો મા ભારતી.

**પૂ. મા સર્વેશ્વરી**
તા. ૨૦–૫–૨૦૧૪

## રોમનું રાજ્ય પૂરું થયું, રામરાજ્ય શરૂ થયું

૧૬ મી મે, ૨૦૧૪નો દિવસ ભારત માટે સાચે જ મહા પરિવર્તનકારક સાબિત થયો. ન માન્યો હોય, ન કલ્પ્યો હોય એવો

ભવ્ય વિજય ભારતીય જનતા પક્ષને, ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દોરવણી નીચે પ્રાપ્ત થયો. લોકશાહી કે પ્રજાતંત્ર કેવી અહિંસક ક્રાન્તિ લાવી શકે તેનું દેશ અને દુનિયાને દર્શન થયું.

૧૯૪૭ માં ભારત મહાત્મા ગાંધીજીની દોરવણી નીચે અહિંસક લડતના પરિણામે બ્રિટીશ શાસનમાંથી મુક્ત થયું. તે પછી લોકશાહી કે પ્રજાતંત્રનો પ્રારંભ થયો. કિન્તુ શ્રી ઇન્દિરા ગાંધીના શાસનકાળ દરમ્યાન વચ્ચે થોડા સમય માટે સરમુખત્યારશાહીનો અનુભવ પણ ભારતે કરી લીધો. તેમાં રાજીવ ગાંધીના અવસાન પછી ભારતમાં બનાવટી ગાંધી પરિવાર—એટલે કે સોનિયા ગાંધીનું શાસન કોંગ્રેસ પક્ષ દ્વારા લગભગ દસ વર્ષ સુધી રહ્યું. જે વ્યક્તિને ગાંધીજીની દેશસેવા ને સાદાઇ સાથે, ભારતીય સંસ્કૃતિ કે આધ્યાત્મિકતા સાથે કોઇપણ પ્રકારે સ્નાનસૂતક પણ નહિ, તેવી એક દંભી વ્યક્તિએ—ખુશામત ખોર નેતાઓની એક ટોળકી દ્વારા—બનાવટી બિનસાંપ્રદાયિકતાનો બુરખો પહેરી—દેશની પ્રજાનું ધર્મના નામે વિભાજન કરી—મુસલમાનોની અલ્પશિક્ષિત પ્રજાને—બહુમતી હિન્દુઓની કટ્ટરતાનો સદૈવ ભય બતાવી, તેમના મતો મેળવી શાસન કર્યું. તેમાં દલિતોના મસીહા બની બેઠેલાં માયાવતી ને મુલાયમસિંહ, લાલુ અને શરદ યાદવનો સાથ મળી રહ્યો.

આ ચૂંટણીમાં આ ટોળીનો ભારે પરાજય થયો છે. એટલે એમને શામ, દામ, દંડ ને ભેદની નીતિ અપનાવી પોતાની ખીચડી પકાવી લેતાં શ્રી સોનિયા ગાંધીનો—ઇટાલીમાં જન્મેલા સોનીયાજીના કોંગ્રેસ પક્ષનો ભારે પરાજય થયો છે. પરિણામે આડકતરી રીતે ભારત ઉપર ચાલતું રોમનું શાસન પૂરું થયું છે. એક ભારતીય નેતા શ્રી નરેન્દ્ર મોદી દેશનું સૂકાન સંભાળવા જઇ રહ્યા છે ત્યારે આ વખતે અયોધ્યાથી નહિ પણ કાશીથી—બનારસથી રામરાજ્યનો પ્રારંભ થઇ રહ્યો છે. હે ગુરુદેવ પ્રભુ! આ દેશની સર્વ પ્રકારે રક્ષા કરજો એ જ પ્રાર્થના.

—તંત્રી



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૬ જૂન—૨૦૧૪ અંક ૯**

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળ:—ગાંધી નિવાસ સોસાયટી, મસૂરી**

**તા.૧૧/૦૬/૮૨ શનિવાર થી ૨૩/૬/૮૨**

મસૂરીમાં પૂ.શ્રી વીસ વરસથી આવે છે. ઘણી દુકાનોના માલિકો પૂ.શ્રીને પ્રણામ કરે છે. ઘણાં પોતાની દુકાનમાં પૂ.શ્રી પગલાં પાડે એવું પણ ઇચ્છે છે.

પ્રવચન સાંજે ૬ થી ૭ થાય છે. પ્રવચન બાદ શાકભાજી માટે થોડું બહાર ફરવા માટે પૂ.શ્રી નીકળે છે. સર્વેશ્વરી શાક લે છે. શાકભાજીના દુકાનના માલિક પણ પૂ.શ્રીને પ્રણામ કરે છે. મજૂર, ટપાલી, દુકાનદાર, સ્કુલ, કોલેજના આચાર્યો પણ પૂ.શ્રીને પૂજ્યભાવે જુએ છે. અરે, રસ્તા વચ્ચે મકાઇ વેચનાર ટોપલાવાળી બાઇ પણ દોડીને પૂ.શ્રીને પ્રણામ કરે છે.

તા.૭ થી તા.૨૨ સુધી પ્રવચનો થયાં. ગાંધીનિવાસની બહાર મોટું લાલરંગનું બોર્ડ હતું યોગેશ્વરજી કે પ્રવચન ચલ રહે

હૈ. એ બજારનો માર્ગ હતો. જેથી માર્ગ ઉપર અવરજવર કરનારા સૌનું તે તરફ ધ્યાન જાય.

તા.૨૨ મી એ સાંજે પ્રવચનની પૂર્ણાહુતિ પ્રસંગે ગાંધીનિવાસ સોસાયટીના પ્રમુખ શ્રી રતનલાલજીએ આભાર દર્શનમાં કહ્યું. મહાત્માજીની જ કૃપાથી, પ્રેરણાથી સરસ્વતી શિશુવિહારની સ્થાપના થઇ અને સૌ પ્રથમ દાન પૂ.શ્રી એ જ ૫૦૦ રૂ. આપીને શરૂઆત કરી હતી. આજે શાળા સારી પ્રગતિ કરી રહી છે. દર વરસે પૂ.શ્રી પધારે એવી પ્રાર્થના કરીએ છીએ.

તા.૨૩ મી એ સવારે ૮ વાગ્યે ગાંધીનિવાસથી વિદાય થવાનું બન્યું. ઘણા પ્રેમી ભાઇબેનોએ વિદાય આપી–જેમાં હોટલના, દુકાનના માલિકો અને પોસ્ટમેનનો પણ સમાવેશ થતો હતો. ગાંધીનિવાસ સોસાયટીના પ્રમુખ શ્રી રતનલાલજીની ગાડીમાં જ મસૂરીથી દહેરાદુન આવવાનું બન્યું.

શ્રી લલિતાપ્રસાદ બંગાલ સ્વીટશોપના માલિકને ત્યાં ૫ કલાકમાં આવી ગયા. એ ભાઇ પૂ.શ્રીના ખૂબ ભાવિક ભક્ત છે.

શ્રી લલિતાપ્રસાદને ત્યાંથી દહેરાદુનનાં પ્રસિદ્ધ સ્થાનો ટપકેશ્વર મહાદેવ અને સહસ્રધારા જોઇ આવ્યાં.

દેહરાદૂનથી રીક્ષા કે ટેક્ષીમાં જવાય છે. ટપકેશ્વર મહાદેવ ગુફામાં છે. કુદરતી રીતે એ મહાદેવ ઉપર પાણી ટપકે છે. સહસ્રધારામાં ગંધકનું પાણી વહે છે. જ્યાં ચામડીના રોગ મટી જાય છે. એ બન્ને પ્રસિદ્ધ સ્થાનોનાં દર્શન કર્યાં.

શ્રી લલિતાપ્રસાદને ત્યાં જ એક દિવસ રહ્યાં. તા. ૨૪ મીએ



દહેરાદૂન એક્ષપ્રેસમાં વડોદરા આવવા પ્રયાણ કર્યું. સ્ટેશન ઉપર દહેરાદૂનના પ્રેમી ભાઇઓએ વિદાય આપી.

બે દિવસની લાંબી કંઇક કંટાળાજનક યાત્રા દહેરાદૂન એક્ષપ્રેસમાં શરૂ થઇ. થાક, થોડો કંટાળો પણ આવે. તા. ૨૫મીએ રાતે વડોદરા આવી ગયાં. સ્ટેશન ઉપર પ્રેમી ભાઇબેનોએ ફૂલહાર સાથે સ્વાગત કર્યું. ઘણાં ભાઇબેનો આવ્યાં હતાં.

તા. ૨૬ મીએ આરામ કર્યો. તા. ૨૭ મીએ સવારે ગોધરાથી એક ભાઇ મુલાકાત સમયે આવ્યા હતા. તેમણે થોડા અધ્યાત્મ પ્રશ્નોનાં સમાધાન મેળવ્યાં.

સાંજે યાત્રામાં આવનાર ભાઇબેનો પૈકી શ્રી ભરતભાઇ, શ્રી કલ્પુબેન, શ્રી રાજુભાઇ, શ્રી વિનુભાઇની સૂચનાથી યાત્રાની થોડી વાતો કરી.

**૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા**

**તા.૨૪/૨૭ નોંધ બંધ તા.૨૮/૬/૮૨**

આજે સોમવાર સર્વેશ્વરીનું મૌનવ્રત હતું. પૂ.શ્રી સવારે પોતાના નિયમિત લેખનકાર્યમાં મગ્ન થતાં પહેલાં વ્યાયામ કરી લે છે.

આજકાલ રામચરિત માનસના અનુવાદનો છેવટનો ભાગ ચાલી રહ્યો છે. ચાર પાંચ દિવસમાં તે કાવ્યાનુવાદ પૂર્ણ થશે. એ સાથે નોંધનું કાર્ય ચાલુ જ છે. બાલકાંડની નોંધ પૂર્ણ થઇ છે.

આજે પૂ.શ્રી ખીચડી શાકનું ભોજન લે છે. બપોરની મુલાકાતમાં શ્રી જીતુભાઇ સાથે થોડી વાતો કરે છે. અમદાવાદ શ્રી બાબુભાઇ સાથે ફોનથી અગત્યની સૂચના આપવામાં આવે

છે. આજકાલ પૂ.શ્રી દરરોજ ચારેક પત્રોના જવાબો લખાવે છે. આજે પણ એકાદ જવાબ લખાવે છે.

બપોરે આરામ કરતાં કરતાં સર્વેશ્વરીની માંગણી મુજબ પૂ.શ્રીએ રામચરિતમાનસના બે દોહાને થોડી ચોપાઈનો અનુવાદ લખાવ્યો.

સાંજે તે અનુવાદ પૂ.શ્રીએ લખી લીધો. ત્યાં તો મુલાકાતનો સમય થઇ ગયો. સૌ ભાઈબેનો ઉપર આવીને પ્રણામ કરી જગ્યા પર બેસે છે.

થોડી વાતો થાય છે, જેમાં પૂ.શ્રી પોતાની દિવ્યશક્તિથી દૂર રહીને પણ કોણ કેવા સંસ્કારોવાળું છે તે જાણીને કેટલાક પત્રોથી રક્ષા કરી શકે છે. તે અંગે લંડનના શ્રી બચુભાઈના બાળકોની વાત કરી. ત્યારબાદ ભજન ગવાયું.

અહીં સત્સંગમાં આવનાર ભાઈબેનો મોટે ભાગે સર્વેશ્વરીનાં જ ભજનો ગાતાં હોય છે. આજે પણ સર્વેશ્વરીનાં અર્ધ્ય ભજન સંગ્રહનું જ એક ભજન એક બેને ગાયું.

ભજન બાદ પ્રશ્નોત્તરી માટે પૂ.શ્રીએ સૂચના આપી. ક્ષણભર તો મૌન શાંતિ છવાઈ ગઇ. એક લેખીત પ્રશ્ન આવ્યો. પૂ.શ્રીએ જ જવાબ આપતા પહેલાં તે ભાઈને ફરી કાગળ આપ્યો. તે ભાઈએ પ્રશ્ન વાંચ્યો.

**પ્રશ્ન :** ચોર્યાશી લાખ યોનિ પછી માનવજન્મ મળે?

**પૂ. શ્રી :** કોઈકે ગણી હતી? જુઓ બ્રાહ્મણો જ્યારે મોટા જમણવાર કરે ત્યારે ચોર્યાશી કરી કહેવાય. એટલે ચોર્યાશી જાતના બ્રાહ્મણો ભોજન માટે આવી શકે. એ રીતે લક્ષ એટલે પ્રકાર અને ચોર્યાશી એટલે ચોર્યાશી પ્રકારની જુદી જુદી યોનિનું શાસ્ત્રમાં વર્ણન છે.



એ બધી જ યોનિ પસાર થઈને માનવ થાય કે કેમ તે પ્રશ્ન છે. પણ કેટલાંક તેવી યોનિમાંથી તાજેતરમાં જ પસાર થઈને આવ્યા હોય એવું લાગે છે.

સમાજમાં કેટલાક બીજાને લાત મારવા ટેવાયેલા હોય તેમને જોઈને આપણને એમ જ લાગે કે તેઓ હમણાં જ ગધેડાની યોનિમાંથી આવ્યા હશે.

કેટલાંક બીજાનું બગાડવામાં જ આનંદ માનતા હોય છે. તેઓને જોતા ભીડ યોનિમાંથી આવ્યા હોય એવું લાગે છે.

શાક લેવાને નામે સીનેમા જોવા જાય તેવાઓની વાંકી ચાલ જોઈને સાપ યોનિમાંથી આવ્યા હોય એવું લાગે.

કેટલાક નરમગેંશ જેવા હોય. તેઓ જાણે ગાયની યોનિમાંથી આવ્યા હોય એવું લાગે.

કેટલાકને કંઈક આપ્યા કરો તો જ વારંવાર આપણી પાસે આવે. તેવાઓને જોઈને આપણને એમ લાગે કે તેઓ કૂતરાની યોનિમાંથી આવ્યા ન હોય?

કેટલાક મેલા વાળ ને મેલા કપડાંવાળાને જોઈ એમ જ લાગે કે તેઓ પિશાચયોનિમાંથી આવે છે.

કેટલાક શુદ્ધ સાત્ત્વિક વૃત્તિવાળા માનવને જોઈ એમ લાગે કે તેઓ દેવ યોનિમાંથી આવે છે.

બધી જ યોનિમાંથી તે પસાર થઈને આવે છે કે કેમ તે પ્રશ્ન છે. કેટલાંક પસાર થઈને આવે, કેટલાંક વળી તે યોનિમાં જવાની તૈયારી પણ કરતાં જણાય. માનવ જન્મ મળે પણ પ્રભુ તેને ડીગ્રેડ પણ કરેને!

શાસ્ત્ર કહે મનુષ્ય જન્મ શ્રેષ્ઠ છે, આ શરીરમાં જ બધુ કરી લો.

વળી એક બેન પ્રશ્ન પૂછે છેઃ—

**પ્રશ્ન :** સાક્ષાત્કાર ખુલ્લી આંખે થાય કે બંધ આંખે?

**પૂ.શ્રી :** બન્ને રીતે થાય. દર્શન થાય એટલું જ નહીં વાતચીત થાય, સ્પર્શ થાય, પ્રસાદ આપે તો તે લઈ શકાય.

આ બધી અવસ્થા વર્ષોની સાધના પછી આવે.

સૌ શાંત બેઠા છે. ઓરડો ભરાયો છે. સત્સંગી ભાઈબેનો આવ્યા છે. સૌ શાંતિથી પૂ.શ્રીની અમૃતવાણીનું પાન કરે છે.

પૂ.શ્રી અચાનક જીતુભાઈના પિતાજીને પ્રશ્ન પૂછે છે. તેઓ ૮૭ વર્ષના છે. ટેકો દઈને બેઠા છે. આજકાલ તેઓ બીજીવાર પ્રકાશના પંથે—પૂ.શ્રીની આત્મકથાનું વાંચન કરે છે.

પૂ.શ્રી તેમને એના અનુસંધાનમાં પ્રશ્ન પૂછવાનું કહે છે.

**પ્રશ્ન :** માની કૃપા મેળવતા પહેલાં આપને બધા સંતોનાં જ દર્શનો થતાં રહ્યાં?

**પૂ.શ્રી :** તમે માંદા પડો તો કોણ મળવા આવે?

**શ્રી મગનલાલ ગાંધી :** સગાં વ્હાલાં મળવા આવે.

**પૂ.શ્રી :** કેમ આવે?

**શ્રી મગનલાલ ગાંધી :** એ તો વ્યવહાર છે.

**પૂ.શ્રી :** અમે માના આદેશ મુજબ ઉપવાસો કરીએ એટલે અમારા આ જગતમાં પણ સંતો મળવા આવે. સાંઈબાબા, જ્ઞાનેશ્વર મહારાજ, રમણમહર્ષિ વગેરે આવ્યા.

**પ્રશ્ન :** આપને માની કૃપા મેળવવા જુદી જુદી તારીખ કેમ મળ્યા કરી?



**પૂ.શ્રી :** ૧૯૪૪માં એવું પ્રભુ જણાવે કે તમને ૧૯૬૦માં કૃપા મળશે તો તો નિરાશા આવી જાય ને!

જેથી પ્રોત્સાહન માટે તથા આપણી શ્રદ્ધાભક્તિ ને સાધનાની કસોટી કરવા તે જુદી જુદી તારીખો આપતા. તે તારીખો જાય એટલે ફરી પ્રયત્ન શરૂ થતા, પુરુષાર્થ તો ચાલુ જ રહેતો.

૧૯૬૦માં સતત અનુસંધાન મેળવવાની સાધના પૂર્ણ થઈ.

આજે પ્રશ્નો રોચક હતા. પૂ.શ્રીએ હરિબોલ હરિબોલની ધૂન બોલાવી. સૌ સમય થતાં વિદાય થયા.

પૂ.શ્રીએ કણકી, દૂધનો નાસ્તો લઈ આરામ કર્યો.

**(ક્રમશઃ)**

લક્ષ્મીને આજે પણ કુપાત્ર વ્યક્તિઓ વહાલી નથી, કુપાત્ર વ્યક્તિ પણ હિંમત અને સાહસ કરી ધન કમાય એની સામે લક્ષ્મીને વાંધો નથી હોતો પણ ધનને જ ધર્મ ગણી એ પ્રપંચી, વિલાસી અને ભ્રષ્ટાચારી બને તો એને સજા થવાનું નિમિત્ત પણ લક્ષ્મી જ બનતી હોય છે.

કોઈકે સાચું જ કહ્યું છે કે લક્ષ્મી તેને માટે વરદાન છે, જે લક્ષ્મીનો ઉપયોગ બીજા માટે દાન સ્વરૂપે કરે છે.

# મૌનના માધ્યમથી સેવાની પીઠ થાબડનારા સાચા ગાંધીજન

–ભદ્રાયુ વછરાજાની

**આજે ગાંધીજી હોત તો એ કેવી નવી રીતે વર્તતા હોત? મૂલ્યો પણ જળવાય અને આધુનિક સ્પર્શ પણ વરતાય એવા ગાંધી આજે હોત. આ વાતની સાબિતી તાદશ્ય માણવી હોય તો બળવંતભાઇ દેસાઈને મળવું પડે!**

વાય. એમ. જી. એ. આંતરરાષ્ટ્રીય સંસ્થા. ખ્રિસ્તી અનુયાયીઓની યુવાપેઢી માટેની આ સંસ્થા જે રીતે પલ્લવિત થઇ તેની કથા અદ્‌ભુત છે. આ વાતથી ઘણા વાકેફ પણ એક નોખી માટીના ગાંધીયનને આજથી અઠ્ઠાવીસ વર્ષો પહેલાં વિચાર આવ્યોઃ 'જો ખ્રિસ્તી અનુયાયીઓની આવી જાહેર સંસ્થા હોય તો ગાંધીના અનુયાયીઓની યુવાપેઢીને પ્રેરણા આપતી સંસ્થા કેમ ન બની શકે?' આ વિચારને માત્ર વિચારીને બેઠા રહે તેવા એ નહીં. વિચારને મૂર્તિમંત કરવા 'યંગમેન્સ ગાંધીયન એસોસિયેશન' વાય. એમ. જી. એ. ની સ્થાપના ૧૯૮૬માં આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇના હસ્તે થઇ. આ વિચાર જેમને આવ્યો તે વ્યક્તિવિશેષ એટલે બળવંતભાઇ ડી. દેસાઇ. એકદમ સાલસ, સૌમ્ય અને હરહંમેશ 'સહાય–તત્પર' બળવંતભાઇને મળો તો તમને લેશમાત્ર ભાર ન લાગે. આજની તારીખે ગાંધીજી હોત તો એ કેવી નવી રીતે વર્તતા હોત? મૂલ્યો પણ જળવાય અને આધુનિક સ્પર્શ પણ વરતાય એવા ગાંધી આજે હોત એ નક્કી. આ વાતની સાબિતી તાદશ્ય માણવી હોય તો બળવંતભાઇ દેસાઇને મળવું પડે!



આજે પંચોતેર વર્ષના બળવંતભાઇનું બાળપણ સુરતમાં રાંદેરમાં વીત્યું. ગુજરાતના ચિંતક ગુણવંત શાહના બાળપણને સાથે રહીને બળવંતભાઇએ માણ્યું છે! ભણ્યા બી.એસસી. સુધી પણ ગણ્યા પુષ્કળ, અઢળક, અમાપ. વાંચન અને સંગીતનો શોખ કિશોરાવસ્થાથી તે આજ સુધી! કેટલાં મેગેઝિન, કેટલાં પુસ્તકો વાંચ્યાં હશે તેનો સરવાળો કરવો કઠિન પડે. પાછી ટેવ એવી કે વાંચે તે વહેંચે. મેગેઝિન વાંચ્યા પછી જે ઉત્તમ લાગે ત્યાં ટીક માર્ક કરી મેગેઝિન તેના શોખીનોને મોકલી આપે. સારું પુસ્તક વાંચે કે તુરત તેની પાંચ–પંદર નકલો મંગાવી મિત્ર વર્તુળમાં વિતરિત કરી દે. એટલું જ નહીં પણ ખાદીનો સુંદર રંગ હાથ લાગે કે ઓર્ગેનિક ખાદીમાંથી બનાવેલો હાથરૂમાલ જુએ તો તરત પરિચિતો–અપરિચિતોને વહેંચી આપે. બળવંતભાઇ પાસે બેસો તો સમય ક્યાં જાય તેની ખબર ન પડે અને કેટલાં પુસ્તકોના કે કેટલી વ્યક્તિઓના સંદર્ભ આપે તે તમે ગણી ન શકો. એમની ખૂબી એ કે સારપ ભાળી નથી કે આગળ ધપાવી નથી! પછી એ ખાદી હોય, પુસ્તક હોય, મસાલા હોય, કુદરતી ઉપચાર હોય કે શ્રેષ્ઠ વિચાર હોય...બળવંતભાઇ ઓછું બોલે, મૃદુ બોલે, વ્યક્તિને ખૂલવાની તક આપે. અને હા, તેમની પાસે પૌત્રીઓ માનિતી અને ઉન્નતિથી લઇને વિશ્વગ્રામના યુવા દંપતી તુલા–સંજય હોય, પીંડવળનાં હરિશ્ચંદ્ર બહેનો કે કાંતિભાઇ શાહ હોય, ઢેઢુકીના ચૈતન્ય હોય, ખ્યાતનામ કાર્ડિયોલોજિસ્ટ હોય, ઉદ્યોગપતિઓ હોય કે ગોંધિયા

હોસ્પિટલનો ચોકીદાર પણ હોય! બળવંતભાઇ પાસે આબાલવૃદ્ધ સૌ હોય, કારણ, બળવંતભાઇ આત્મીયતા બાંધી જાણનાર અને નિભાવી જાણનાર વડીલ છે. એમનું વર્તુળ જબરું મોટું છે. કારણ એમણે જિંદગી સેવામાં ખર્ચી છે.

કોર્પોરેટ ક્ષેત્રમાં ઉચ્ચ અધિકારી હતા બળવંતભાઇ. જીવનસંગિનીએ યુવાન વયે લાંબી વિદાય લીધી, એટલે બે નાનાં બાળકોને માતૃત્વ પૂરું પાડ્યું! આ માતૃવાત્સલ્ય એમને વધુ ને વધુ ઋજુ બનાવતું રહ્યું! સૌરાષ્ટ્રમાં ખ્યાતનામ સંસ્થા શારદાગ્રામમાં એડમિનિસ્ટ્રેટર તરીકે ઉત્તમ કામગીરી કરી. બહુ ગોઠી ગયેલું. ત્યાં બળવંતભાઇના જીવનમાં એક પિતાતુલ્ય વડીલનો પ્રવેશ થયો. જાણીતા રચનાત્મક અગ્રણી રતિભાઇ ગોંધિયાના વચન પર બળવંતભાઇ બધું મૂકી રાજકોટ આવી વસ્યા. રતિભાઇ ગોંધિયા એટલે ગાંધી પેઢીના જ્વલંત મશાલચી. તેઓનો યુવાન દીકરો નિદાનના અભાવે પરલોક સિધાવ્યો. તેમની સ્મૃતિમાં સ્થાપવામાં આવેલ અશોક ગોંધિયા મેમોરિયલ ટ્રસ્ટની કાર્યવાહી બળવંતભાઇએ સંભાળી. તેમની હોસ્પિટલમાં વ્યવસ્થાપક તરીકે બળવંતભાઇએ દર્દીઓને હૂંફ પૂરી પાડી. ગોંધિયા હોસ્પિટલ એટલી બેનમૂન રીતે કાર્ય કરવા લાગી કે સમગ્ર સૌરાષ્ટ્ર—કચ્છથી દર્દીઓ અહીં આવી સારવાર લેવા લાગ્યા. હોસ્પિટલમાં નર્સની ખેંચને પહોંચી વળવા બળવંતભાઇએ નર્સિંગ ટ્રેનિંગ કોર્સ હોસ્પિટલમાં જ શરૂ કરાવ્યો. રોજ સવારે દવાખાનાના બધા કર્મચારીઓ ભગવાન સાથે મળી પ્રાર્થના કરે અને પછી દર્દી નારાયણમાં ઈશ્વર ભાળે!

ડોક્ટર્સની ગળાકાપ હરીફાઇથી સંચાલન કપરું બન્યું ત્યારે



બળવંતભાઇ દેસાઇએ નેતૃત્વ પૂરું પાડી હોસ્પિટલ પ્રાઇવેટને સોંપી, પણ શરત સાંભળજો! પ્રતિ વર્ષ અશોક ગોંધિયા ટ્રસ્ટને બે કરોડ રૂપિયા મળવા જોઇએ કે જેનો ઉપયોગ ટ્રસ્ટ ગરીબ દર્દીઓને સહાય કરવામાં ખર્ચે છે! 'મારાથી નથી થતું તો કોઇને સોંપી દઉં.' આ વિચારને અમલમાં મૂકવો અઘરો છે. આજે જૂનાં કેટલાંય ટ્રસ્ટો આ વિચારના અભાવે બંધ થવાના ઉંબરે છે! અશોક ગોંધિયા મેમોરિયલ ટ્રસ્ટના એક્ઝિક્યુટિવ સેક્રેટરી તરીકે બળવંતભાઇ નિયમિત કાલાવડ રોડ પરની હોસ્પિટલમાં જાય છે, ગરીબ દર્દીઓને સહાય કરે છે, વાંચે છે, ગોષ્ઠિ કરે છે અને નિજાનંદમાં જીવે છે. ખાદી જગતમાં એમનું યશસ્વી પ્રદાન છે. ખાદી ગ્રામોદ્યોગ સંઘ, રાજકોટ અને જરી રેશમ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, સુરતના તેઓ મેનેજિંગ ટ્રસ્ટી છે. ખાદીની દુનિયામાં આંત્રપ્રિનિયોરશિપને અતિ સફળ રીતે કાર્યરત જોવી હોય તો આશ્રમ રોડ પર વિદ્યાપીઠની સામેના ગ્રામશિલ્પમાં જાવ. બળવંતભાઇ કહે છે : 'બધું જ તમારું, આર્થિક જરૂરિયાત અમે પૂરી પાડીએ. તમે એવું વ્યવસ્થાપન કરો કે જે કમાઓ તે તમારું!'

બળવંતભાઇ તો ખુલ્લી ઓફર કરે છે કે : 'ચરખા અમે આપીએ, આંટી અમે આપીએ, તેમાંથી જે વણાય તે અમે ખરીદી લઇએ, તમે પરિશ્રમ કરો, રળો.' 'તમે યુવાન છો? કામની શોધમાં છો? આવો, અમે પાંચ હજાર પગાર આપીએ, રહેવાનું આપીએ, તાલીમ આપીએ, તમે સૂતરની આંટી વણી ખાદી આપો.' બહેનોના આર્થિક ઉત્થાન માટે 'અંબા' નામની સંસ્થા. તેમાં માઇક્રો ફાઇનાન્સની વ્યવસ્થા માટે બળવંતભાઇ

બાંગ્લાદેશ જઈ મહમુદ યુનુસને મળી આવ્યા. આવી અનેક પાયાની સંસ્થાઓની જવાબદારી સંભાળતા બળવંતભાઈ ભાર વગરના, પ્રચાર વગરના અને અહમ્ વગરના હળવાફૂલ અને ફ્રી...રતિભાઈ ગોંધિયાની વિદાય પછી બળવંતભાઈએ જાણે ચાદર સંકેલી લીધી છે. તેઓ અંતર્મુખી થઈ ગયા છે. વાય.એમ.જી.એ. દ્વારા ૧૯૮૬થી આજ સુધી તબીબી સેવા, માનવસેવા, વિશિષ્ટ સેવા, નારી સમાજસેવાનાં ક્ષેત્રોમાં ઉત્તમોત્તમ એવોર્ડથી સન્માનિત કરવાનું વિરલ કાર્ય બળવંતભાઈ કરે છે. સૌથી વધુ સેવાભાવી સદ્‌ગૃહસ્થોની પીઠ એમણે થાબડી છે. વાય.એમ.જી.એ.નો આદર્શ સ્પષ્ટ છેઃ 'પ્રવૃત્તિ કરવાની નહીં, પણ કોઈ કરતું હોય તો તેને ટેકો કરવાનો.' ગાંધીચીંધ્યા રાહે ગ્રામવિસ્તારમાં કોઈ યુવાન કામ કરે છે તેવી ખબર પડે એટલે બળવંતભાઈ ત્યાં પહોંચી જાય અને પ્રચાર કે જાહેરાત વગર ખિસ્સામાં ચેક મૂકવા આવે! ગાંધી, વિનોબાના જીવનકાર્યથી પ્રભાવિત. પૂજ્ય મોટાના ભક્ત. દર વર્ષે હરિ ૐ આશ્રમ, સુરતમાં મૌન મંદિર દસ દિવસ એકાંતની સાધના કરે.

પ્રસિદ્ધિથી પર રહેવાનું. ભાષણ કદી નહીં કરવાનું. મંચ પર જવાની તત્પરતા નહીં રાખવાની. પડદા પાછળથી પ્રદાન કરવાનું. કોઈને મોટા કરવાના. કોઈ માગે તે પહેલાં તેને ટેકો કરવાનો. આ બળવંતભાઈ દેસાઈ...એકવાર અનાથાશ્રમના સંચાલકે એક છોકરાને કશુંક કામ આપવા ભલામણ કરી. હોસ્પિટલની કેન્ટીનમાં હેલ્પર તરીકે રાખ્યો. જોગાનુજોગ કેન્ટીનનો મૂળ કોન્ટ્રાક્ટર એક મહિના પછી ભાગી છૂટ્યો.



તરત બળવંતભાઈએ પેલા છોકરાને કહ્યુંઃ 'તું આખી કેન્ટીનો કોન્ટ્રાક્ટ લઈ લે. ભૂલ થશે તો અમે બેઠા છીએ. તું હિંમત કર, મહેનત કર.' પેલા છોકરાએ બીડું ઝડપ્યું, મહેનત કરી, સફળ થયો. આજે એ છોકરો રાજકોટના કાલાવડ રોડ વિસ્તારમાં પોતાની ત્રણ હોટલોનો માલિક છે! એ કહે છેઃ 'હું ક્યાં અનાથ છું? બળવંતભાઈ દેસાઈ છે ને મારા પિતા?' નરસૈયાએ ગાયુંઃ 'પરદુઃખે ઉપકાર કરે તો ય મન અભિમાન ના આણે રે...' બળવંત દેસાઈ ગાંધીયન વૈષ્ણવજન છે...

**(દિવ્ય ભાસ્કરના સૌજન્યથી)**

યોગ્ય આચરણથી યોગી બનાય, ભુલોની પરંપરા સર્જો તો ભોગી બનાય, અને સંયમનો શિરચ્છેદ કરો તો રોગી બનાય.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પૂ.માની ઈટાલી યાત્રા

–પૂ.મા.શ્રી સર્વેશ્વરી

**૧૦/૭/૨૦૧૧ રોમ**

હે સમર્થ રક્ષક આપના પાવન શ્રી ચરણોમાં દંડવત્ પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આપની કૃપાથી યુરોપયાત્રા રક્ષાયેલી રહી. આપે એ યાત્રા અચાનક યોજી ને બધું જ આપોઆપ જ અનુકૂળતા ધરીને આવડી મોટી યાત્રા કરાવી દીધી.

યુરોપ યાત્રા મંત્રજપથી મઢાવજો એ પ્રાર્થના, હે પ્રભુ, આપે પૂર્ણપણે સાંભળી છે. આકરા ઉનાળાનું મંત્રજપનું દેવું આપે યુરોપ યાત્રામાં પૂર્ણ કરાવ્યું છે. આપ ધારો ત્યારે તેટલા જપ તે તે સ્થળે મા પાસે કરાવી લો છો. માની દરેક પ્રાર્થના આપ પ્રેમથી સાંભળો છો. પ્રાર્થનાના સાધનમાં જાણે શ્રદ્ધા દૃઢ કરવા જ આ જન્મે એ સાધન જ પ્રસાદમાં ધર્યું છે. આભાર, હે પ્રાર્થના પ્રેમી પ્રભુ! પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

રોમની આ ઐતિહાસિક ધરતી ઉપર યુરોપના કેથલીક ધર્મના વડા પોપ પણ અહીં જ વસે છે.

વિશ્વ પ્રસિદ્ધ પોપનું અહીં અલગ સ્વતંત્ર રાજ્ય છે. જેને વેટીકન રાજ્ય કહેવામાં આવે છે.

ખ્રિસ્તી ધર્મના વર્ચસ્વને શત્રુઓ સહન ના કરી શક્યા એટલે પોપ પહેલા જે સેન્ટ પીટર તરીકે જાણીતા છે અને બીજા સેન્ટ પૌલ એ બન્નેના પ્રાણ હરી લેવામાં આવ્યા હતા.

ધર્મના નામે બે બલિદાન અપાયાં. આજે તો તે સ્મૃતિમાં ઘણું



વિશાળ ચર્ચ અહીં જોવા મળે છે.

પોપની નગરીમાં એ ચર્ચમાં પ્રસિદ્ધ શિલ્પી, ચિત્રકાર અને આર્કિટેક્ટ શ્રી. માઇકલ એંજલોની બધી જ પ્રસિદ્ધ કૃતિઓ અહીં જોવા મળે છે. ચર્ચમાં એકસાથે સો, સો પ્રવાસી પ્રવેશી શકે એવાં ને એટલાં દ્વાર છે.

ચર્ચ પણ લગભગ દસ–પંદર હજાર પ્રવાસીઓ ફરી શકે, બેસી શકે એવું વિશાળ.

આ ચર્ચમાં એક દ્વાર એવું છે જે દર પચ્ચીસ વરસે પોપના હાથે જ ઉઘડે.

એવાં છ ચર્ચ યુરોપમાં છે. જેનું એક દ્વાર પચ્ચીસ વરસે એક જ વાર ખુલે.

શ્રદ્ધાળુ ખ્રિસ્તી ભક્તો એ છ સ્થળની યાત્રા કરે અને એ પેલા દ્વારમાંથી પસાર થઈને પવિત્ર બને.

એવી યાત્રા કરનાર યાત્રી તે વરસ આખું ઉપવાસ કરે. દૂધ–ફળ ઉપર જ રહે. અને જે–જે નાના મોટા પ્રચારક સેવકો હોય તે વરસમાં અમૂક ચોક્કસ દિવસ મૌનવ્રત પણ રાખે છે.

બીજી એક અગત્યની નોંધ; આ ચર્ચમાં રોજના ૧૦,૦૦૦ પ્રવાસી દર્શનનો લાભ લે છે.

પણ એ પ્રવાસીઓમાં જેના ખભા ખુલ્લા હોય, જેનાં ઘૂંટણ ખુલ્લાં હોય, એવાં અર્ધા વસ્ત્રવાળાં સ્ત્રી, પુરુષ કે બાળકને પ્રવેશ કરવાનો હક નથી.

એવા અસભ્ય વેષવાળા સૌને ચર્ચના સેવકો મેદાનમાંથી જ અટકાવી દે છે.

સુરક્ષા વિભાગમાંથી સૌ પસાર થાય પછી વસ્ત્રોની સભ્યતા

ઉપર પોપનગરીના ચર્ચના સેવકો ધ્યાન આપે. જે જે એવા સભ્ય વેષવાળા ના હોય તેને ત્યાં જ અલગ ખસેડીને પાછા વાળે.

પશ્ચિમી જગતમાં આ ચર્ચનો આ નિયમ અસભ્ય વસ્ત્રધારીઓને જગાડનારો છે.

અનુકરણ કરનારો આપણો સમાજ પણ આ ચર્ચના નિયમથી જાગે. ને સભ્ય પોશાક અપનાવે તો ઉત્તમ.

કેથલીક સંપ્રદાયમાં ઉપવાસની વાત, મૌનવ્રતની વાત વળી યાત્રાની વાત, પચ્ચીસ વરસે તે દરવાજામાંથી પસાર થઈને પવિત્ર થવાની વાત અને આ સભ્ય પોશાકની વાતો નોંધપાત્ર છે.

પોપ સૌને જાહેરમાં જ દર રવિવારે ૨૦ મિનિટ માટે દર્શન આપે. પોતાના અતિ વિશાળ ભવનની અગણિત બારીમાંથી એક બારીમાં ઉભા રહે અને પોતાનો ધર્મસંદેશ આપે.

નીચે મેદાનમાં હજારો માનવો એ રીતે પોપનાં દર્શન કરી લે, એમની વાણી સાંભળી લે.

આજે પોપ અહીંથી ૩૦ માઈલ દૂર સમર હાઉસમાં વેકેશન માટે ગયા છે.

એટલે પેલા વિશાળ મેદાનમાં ચાર ઘણા મોટા ટી.વી.ના પડદા ઉપર પેલા સમર હાઉસની તે બારીના ઝરૂખામાંથી બરાબર ૧૨ વાગે બહાર આવતા જોવા મળ્યા.

આખા મેદાનમાં હજારો પ્રવાસીઓ ૧૨ વાગ્યાના ટી.વી.ના પડદા ઉપર પોપના દર્શન માટે રોકાયા હતા.

૧૨ વાગ્યે સૌનું અભિવાદન ઝીલી, ૧૫–૨૦ મિનિટ પોતાનો વાર્તાલાપ આપ્યો. જેમાં લેટીન, અંગ્રેજી, સ્પેનીસ,



ફ્રેન્ચ, ઈટાલીયન, પોલીશ, જર્મન વગેરે ભાષાઓમાં એ પોતે સંદેશ આપી રહ્યા હતા. (સાત ભાષા)

એક સાથે આટલી બધી ભાષાઓ ઉપર પ્રભુત્વ એ ધર્મના વડા તરીકે નોંધપાત્ર ઘટના છે.

ટી.વી. ઉપર એમનું પ્રસારણ એકદમ જીવંત લાગતું હતું, કારણ આખા આ વિશાળ મેદાનમાં એમના અવાજને લાઉડ સ્પીકર દ્વારા પ્રસારિત કરવામાં આવી રહ્યો હતો. એટલે સૌને એવું જ લાગે કે ખરેખર અહીં સામે જ ઉભા છે.

(ક્રમશઃ)

કોઈ આરોપ એટલો સશક્ત નથી, જે આત્માની પવિત્રતા સામે ટકી શકે.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

### પૂ. શ્રી રણછોડદાસજી મહારાજના

# પ્રેરક પ્રસંગો

**સંકલન પરમાર્થી, મૂળ લેખિકા–દમયંતી સેજપાલ**

## ગુરુ ચરણામૃત નિર્મલ સબ પાતકહારી

મુંબઇમાં રહેતા કાંતિભાઇની છ વર્ષની દીકરી દક્ષાને ઇ.સ.૧૯૬૩માં ટાઇફોડ થયો. વીસમે દિવસે તાવ માંડ ઊતર્યો. એકવીસમે દિવસે એકદમ આંચકી આવીને તે બેહોશ બની ગઇ. માતાપિતાએ તરત જ એને હોસ્પિટલમાં દાખલ કરી. ડોકટરે દક્ષાને ઓક્સિજન પર રાખી.

એક કલાક પછી બીજી વાર આંચકી આવી. પાકું નિદાન કરવા માટે મલાડની સૂચક હોસ્પિટલના ડો. ઠક્કરે બીજા ત્રણ ડોકટરોને બોલાવ્યા. બધાંએ સર્વાનુમતે નક્કી કર્યું કે દક્ષાને ‘પોલીયો’ સાથે ‘મેનિનજાઇટિસ’ છે. દિવસો સુધી એ બેભાન રહી. અંતે ડોકટરોએ એના મગજનું ઓપરેશન કરવાનું નક્કી કર્યું. દક્ષાનાં નાનીમા શાંતિબહેનને તેમણે કહ્યું, ‘અમે ઓપરેશન કરીશું ખરા પરંતુ બાળકીના બચવાની આશા નહીવત્ છે.’

‘તમને ઠીક લાગે તેમ કરો.’ શાંતિબહેન માંડ બોલી શક્યાં.

પિતાની દશા સહુથી બૂરી હતી. સંતાનોમાં દક્ષા એમને સૌથી વધુ પ્રિય હતી. એમણે રડતે હૃદયે દક્ષાનો હાથ લગાડીને ગાયને ઘાસ, ચકલાંને ચણ ને બાળકોને કેળાં વહેંચી આપ્યાં.

રાત્રે કાંતિલાલભાઇ ગુના નેત્રયજ્ઞમાંથી પાછા ફરેલા. વાલજીભાઇ પાસે ગયા. વાલજીભાઇએ પૂજ્યશ્રીનું ચરણામૃત આપીને કહ્યુંઃ ‘દક્ષાના મોંમાં આ ચરણામૃતનાં થોડાં ટીપાં રેડજો. ભગવાન પર ભરોસો રાખો. એ સહુ સારાં વાનાં કરશે.’



બીજે દિવસે સવારે ઓપરેશન થવાનું હતું. ચરણામૃતની બાટલી ને જીવની જેમ જાળવવા કાંતિલાલ રાત્રે જ પાછા હોસ્પિટલમાં ગયા. ત્યાં જઇને શાંતિબહેનને બધી વાત કરી. પછી આંસુભીની આંખે હૃદયપૂર્વક પૂજ્યશ્રીને પ્રાર્થના કરીને એમણે દક્ષાના મોંઢામાં ચરણામૃત રેડ્યું. ત્યાર પછી દક્ષાને શ્રી ગુરુદેવના ભરોસે છોડીને વસ્તલ પિતા વોર્ડ છોડી ગયા.

એમના ગયા પછી શાંતિબહેનને આશ્ચર્યભર્યો અનુભવ થયો. દક્ષાની ફાટેલી આંખોના સ્થિર ડોળામાં થોડું હલનચલન શરૂ થયું હતું!

સવારે ડોકટર આવ્યા ત્યારે તેમણે કહ્યું : ‘સાહેબ, આખી રાતમાં કેટલીય વાર દક્ષાના ડોળા હલ્યા છે. એને થિયેટરમાં લઇ જતાં પહેલાં તમે એક વાર ફરીથી તપાસી લો.’ ડોકટર તપાસતા હતા તે દરમ્યાન દક્ષાને ભાન આવ્યું. એણે ચારે બાજુ નજર ફેરવી. પોતાની નાનીમા અને માતાપિતાને પણ એણે ઓળખ્યાં. ડોકટર નવાઇ પામ્યા. ઓપરેશનની સંપૂર્ણ તૈયારી છતાં એ વિચાર પડતો મુકાયો. ડોકટરે કહ્યું : ‘આજે, આનામાં ચમત્કારિક રીતે ફેરફાર થયો છે બે દિવસ જોઇશું. ઓપરેશન પછી કરીશું.’ વિના ઓપરેશને દિવસે દિવસે હાલત સુધરતી ગઇ. માતાપિતા અહર્નિશ પૂજ્યશ્રીને યાદ કરતાં હતાં. થોડા દિવસ પછી દક્ષાને ઘેર લાવ્યા.

## બડી સાહબીમાં નાથ!

એક વખત મહારાજના બિસ્તરમાંથી એક પોટલી નીચે પડી ગઇ. પૂજ્યશ્રીએ પૂછ્યુંઃ 'ઇસમેં કયા હૈ, મહારાજ?'

નન્નુમહારાજની આંખો ભીની બની ગઇ. પાસે આવીને તેમણે ધીરેથી પોટલી ખોલી નાખી.

'એમાં શું હતું?'

દિવસો પહેલાં પ્રસાદરૂપે આપેલા બરફીના ટુકડા, થોડી કિસમીસ, થોડા કાજુ, પેંડાના કટકા અને એવું બીજું ઘણુંય. અંદર કીડીઓ ફરતી હતી.

મહારાજ બોલ્યાઃ 'ભગવાન્! ઘેર જઇશ ત્યારે મારા પુત્રનાં બાળકો આ બધું ખાઇને ખૂબ રાજી થશે. અમ ગરીબોનાં નસીબમાં આ મેવામીઠાઇ ક્યાંથી? આપ પ્રસાદ આપો છો એ બધો હું આ પોટલીમાં ભેગો કરતો રહું છું. મેવામીઠાઇ જોતાં જ બાળકો યાદ આવી જાય છે. ભગવન્!' ને રડી પડ્યા.

પૂજ્યશ્રી પણ ભાવવશ બની ગયા.

તે દિવસ પછી જ્યારે જ્યારે નન્નુ મહારાજ ઘેર જાય ત્યારે એમના પૌત્રો માટે તાજાં મેવા, મીઠાઇ, ફળ વગેરે આપવાનું પૂજ્યશ્રી કદી પણ ભૂલ્યા નહીં.

★ ★ ★

## દીન દયાળ બિરદ સંભારી

રાજકોટમાં રહેતા આમલાનીભાઇ પૂજ્યશ્રીની આજ્ઞાથી સ્થાઇ થવા માટે વડોદરા ગયા. ત્યાં જાણે એમને માટે જ ખાલી પડ્યું હોય તેમ એક સસ્તા ભાડાનું મકાન પણ મળી ગયું. મકાન જૂનું હોવાથી મહિનામાં બે ત્રણ વાર સાપ દેખા દે. બાળકો નાનાં તેથી આમલાનીભાઇને બહુ ફિકર રહે.



ઈ.સ.૧૯૬૩માં પૂજ્યશ્રી વડોદરા પધાર્યા. આમલાનીભાઇએ વિનંતી કરી : 'બાપુ! સાપનો અહીં ભારે ઉપદ્રવ છે. મારો જીવ રાતદિવસ ઊંચો રહે છે.'

પૂજ્યશ્રીએ મક્કમ સ્વરે જણાવ્યું : 'આમલાની ચિંતા ન કરો. અબ સાપ નહીં નિકલેંગે.'

બસ, ત્યાર પછી એકે વાર એ ઘરમાંથી સાપ નીકળ્યો નથી. આમલાનીભાઇ પૂજ્યશ્રીની પરમકૃપાને યાદ કરતાં આજે પણ નિરાંત જીવે એ ઘરમાં જ રહે છે.

★ ★ ★

મુંબઇના વોર્ડન રોડ પર બેઠાઘાટનો એક સુંદર બંગલો હતો. બંગલાના કંપાઉન્ડમાં સુંદર બગીચો, બગીચામાં ઠેકઠેકાણે ગોઠવેલાં આરસનાં આકર્ષક પૂતળાં મકાન માલિકની સુરુચિ અને કલારસિકતાનો પરિચય આપતાં હતાં. સમય છતાં એ બંગલાને તોડી એની જગ્યાએ ભવ્ય ઇમારત 'સૂર્ય એપાર્ટમેન્ટ'નું ચણતર કામ શરૂ કરવાનું હોવાથી પૂજ્યશ્રી વાલજીભાઇની વિનંતીથી પાયાના મૂહુર્તમાં હાજરી આપવા માટે તા.૧૬ મે, ૧૯૬૪ને દિવસે રાત્રે ત્યાં પધાર્યા. થોડીવાર પછી તેમણે કહ્યુંઃ 'ઇસ બંગલે કે માલિક કી મૃત્યુ યહીં પર હુઇ હૈ. પરંતુ ઉસકી આત્મા કો શાંતિ નહીં મિલી હૈ. વહ યહીં ભટક રહી હૈ. ભગવાન ઉન પર કૃપા કરે.'

બીજે દિવસે સવારે પૂજનવિધિ પત્યા પછી બંગલાની અંદર દાદર પાસે રહેલું એક સુંદરતમ્ પૂતળું ભયંકર અવાજ સાથે બરાબર વચમાંથી ફાટ્યું અને બે ભાગમાં વહેંચાઇ ગયું!

'ચલો અચ્છા હુઆ. આજ ઉસકો મોક્ષ મિલ ગયા.' અશાંત આત્માને ઉદ્દેશી પૂજ્યશ્રી બોલ્યા. કોઇની પણ અવરજવર

નહોતી એવા ભાગમાં પડેલું એ પૂતળું શી રીતે ફાટ્યું તેનું રહસ્ય સૌને સમજાઇ ગયું. શ્રી ગુરુદેવના મંગળમય આગમન માત્રથી એક ભટકતા જીવને મુક્તિ મળી ગઇ હતી.

'બાપુ!' આમલાનીભાઈએ કહ્યું: 'હું છેલ્લા દોઢ મહિનાથી આ બંગલામાં જ રહું છું. રોજ રાત્રે મને એવી અશાંતિ લાગતી કે ઊંઘ હરામ થઇ જતી. ભૂતિયા મહેલમાં પડ્યો હોઉં એવી લાગણી થતી. તેથી માથા પાસે જ આપશ્રીની છબી મૂકીને હું ઊંઘી જતો.'

'એક તુમ થે જો ૪૫ દિન તક યહીં ઠહર ગયે, આમલાની! ઓર કિસીકી મજાલ નહીંથી.' પૂજ્યશ્રીએ કહ્યું.

પોતાની અહર્નિશ રક્ષા કરી રહેલા શ્રીગુરુદેવને આમલાની-ભાઈ નમી રહ્યા.

વડોદરામાં આમલાનીભાઇના ઘરની બાજુમાં રમેશભાઇ નામના સાધારણ સ્થિતિના એક ગૃહસ્થ રહે. તેમના ઘરમાં હંમેશાં ઉદાસીનતા છવાયેલી રહેતી. કારણ કે એમનાં પત્નીને છ—સાત વાર દિવસ રહ્યા છતાં દરેક વખતે કસુવાવડ થઇ ગઇ હતી.

પૂજ્યશ્રી વડોદરા પધાર્યા ત્યારે રમેશભાઇના પત્ની દર્શન કરવા આવ્યાં. અમલાનીભાઇનાં પત્નીએ પૂજ્યશ્રીને બધી વાત કરીને આશીર્વાદ આપવા વિનંતી કરી.

'અબ ઐસા નહીં હોગા' બહુ જ સાધારણ વાતનો ફેંસલો આપતા હોય તેવી હળવાશથી પૂજ્યશ્રી બોલ્યા.

આજે રમેશભાઇના ઘરમાં પાંચ પાંચ સંતાન કિલ્લોલ કરી રહ્યાં છે!



# બધા ધર્મોનો સાર માતામાં!

ગુણવંત શાહ

કોઇ વાઘ બકરીને મારીને ખાઇ જાય ત્યારે એ પાપ નથી કરતો. સર્પદંશથી માણસ મરી જાય તો પણ સાપને 'ડંખીલો' ગણવાનું યોગ્ય નથી. વિયાયેલી ભૂંડણી ભૂખી થાય ત્યારે પોતાનાં જ બચ્ચાંને ખાઇ જાય તોય એ ક્રૂર માતા નથી હોતી. પ્રકૃતિના શબ્દકોશમાં પાપ શબ્દ નથી હોતો. પ્રકૃતિમાં સહજનું અનુશાસન હોય છે. જંગલમાં કોઇ રાજા નથી હોતો. માણસે ચગાવેલી એ અફવા સાથે વનરાજને કોઇ લેવાદેવા નથી હોતી. સિંહ હરણ પર તૂટી પડે ત્યારે પણ એ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તતો હોય છે. જંગલમાં સર્વત્ર સહજનું જ સામ્રાજ્ય હોય છે. સહજને કિનારે પાપ ન થઇ શકે. પાપ તો સંસ્કૃતિનું ફરજંદ છે. પ્રકૃતિ છૂટ્યા પછી જ પાપની શરૂઆત થાય છે. જો પૃથ્વી માનવવિહોણી બની જાય તો પાપવિહોણી બની જાય.

પાપ શક્ય બને તે માટે માણસનું હોવું જરૂરી છે. ઉત્ક્રાંતિના ક્રમમાં માણસ પ્રકૃતિમાતાનું સૌથી નાની વયનું સંતાન છે. કૃષ્ણે અર્જુનને ભગવદ્ગીતામાં સહજ શબ્દનો મહિમા સમજાવ્યો. એ શબ્દનો મર્મ પામ્યા વિના સઘળું અધ્યાત્મ અધૂરું ગણાય. સહજની આણ ઓસરતી જાય તેમ સંસ્કૃતિનો પ્રભાવ વધતો જાય. સંસ્કૃતિની સાથે સાથે વિકૃતિ આપોઆપ ચાલી આવે છે. સંસ્કૃતિના પ્રવાહમાં કેટલાક સુંદર શબ્દો માનવજાતને પ્રાપ્ત થયા : સંયમ, મૌન, ધર્મ, ઉપવાસ, અહિંસા, કરુણા, સત્ય,

બ્રહ્મચર્ય, માનવ—અધિકારો ઇત્યાદિ. વિકૃતિના ફાંટામાં વહી આવેલા કેટલાક શબ્દો છે : પાપ, હિંસા, ક્રૂરતા, જૂઠ, ત્રાસવાદ, હૃદયરોગ, બલાત્કાર ઇત્યાદિ. સુધરેલા માણસે પાપથી બચવું પડે છે. આદિવાસીના વનરાજ્યમાં પાપને કે પુણ્યને કોઇ સ્થાન નથી. પાપની સંકલ્પના ઉદય પામી પછી પુણ્યની શોધ થઇ છે. ભાષાનો જન્મ થયો પછી વ્યાકરણ અસ્તિત્વમાં આવ્યું છે. લગ્નસંસ્થાનો ઉદય થયો પછી દહેજ, સતીપ્રથા, છૂટાછેડા અને વૈધવ્ય જેવી ઘટનાઓ અસ્તિત્વમાં આવી છે. પીપા ભગતની પંક્તિઓમાં પાપ અને પુણ્યનો મર્મ આબાદ પ્રગટ થયો છે :

**પીપા પાપ ન કીજીએ**
**તો પુણ્ય કિયો સો બાર,**
**કિસી કા કુછ ન લિજીએ**
**તો દિયો દાન હજાર.**

લોભનો જન્મ પછી દાનનો મહિમા થયો છે. મોહ વધી પડ્યો તેથી અનાસક્તિનું મહત્ત્વ વધ્યું છે. ભોગના અતિરેકોએ ત્યાગની બોલબાલા વધારી છે. લોકો પાપના મારણ તરીકે પુણ્ય કરવા અધીરા બને છે. એસિડિટીના શમન માટે આલ્કલી (દુધ) લેવામાં આવે તેવી સપાટ સમજણ ખાસી લોકપ્રિય છે. પરિણામે વેપારી, બિલ્ડર કે રાજકારણીને ભ્રષ્ટ કમાણી ન ખૂંચે તે માટે દાનધર્મ કરવાનું મન થાય છે. હરામની કમાણીના પ્રવાહની સાથોસાથ ચાલતો દાનપ્રવાહ ભીતર પજવતી પાપગ્રંથિના ઉપદ્રવો સામે રાહત આપે છે. કાળું નાણું દાનના માર્ગે વળે છે.



આવું તમોગુણી દાન પુણ્યમાં ખપે તેમાં રહેલું અજ્ઞાન પણ ગળચટું હોય છે. પીપા ભગતની પંક્તિઓ આંખ ઉઘાડનારી છે અને સાચા પુણ્યકર્મને ઉજાગર કરનારી છે. પાપ કરવા માટે કશુંક ખાસ કરવું પડે છે. પુણ્ય કરવા માટે કરવું પડતું નથી. મધ્ય આફ્રિકાનો કોઇ વનવાસી પુણ્યશાળી નથી હોતો, કારણ કે એ સહજનો સમ્રાટ હોય છે. એનો તો લોભ, મોહ અને ભોગ પણ સહજ હોવાનો. એ માંસાહારી હોય તોય એની હિંસા અસહજ નથી હોતી. એ બાપડાને તો પાપ શું એની પણ ખબર નથી હોતી. જ્યાં પાપયુક્ત મન ન હોય ત્યાં પુણ્ય અપ્રસ્તુત બની જાય છે. માતા બાળકને ધવડાવે એ કર્મને કોઇ પુણ્યશાળી કર્મ નથી કહેતું. માતાના અસ્તિત્વનો જ એ અંશ ગણાય. આવા સહજ કર્મ માટે માતાને કોઇ ધર્મોપદેશકની જરૂર નથી પડતી. જગતના બધા ધર્મોનો સાર માતૃત્વમાં સમાઇ જાય છે.

ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા' (તા. ૨૨—૧૦—૧૯૨૫)માં સાત પાપો ગણાવ્યાં હતાં :

૧. સિદ્ધાંતો વિનાનું રાજકારણ
૨. પરિશ્રમ વિનાની સંપત્તિ
૩. માંહ્યલા વિનાની મોજમજા
૪. ચારિત્ર્ય વિનાનું જ્ઞાન
૫. નીતિ વિનાનો વેપાર
૬. માનવતા વિનાનું વિજ્ઞાન
૭. ત્યાગ વિનાની પૂજા

આ સાત પાપોની યાદીમાં ત્રણ પાપો ઉમેરવાની ગુસ્તાખી

અહીં કરવી છે :

૮. સાધનશુદ્ધિ વિનાની સેવા

૯. તટસ્થતા વિનાની બિનસાંપ્રદાયિકતા

૧૦. પ્રામાણિકતા વિનાની ધાર્મિકતા

આજકાલ આ નવી ત્રણ બાબતોને કારણે પાપ પણ ફેશનેબલ બની ગયું છે.

પાપકર્મ આખરે શું છે? પાપયુક્ત કર્મ વિશ્વનિર્મિતિ (કોસ્મોસ)નો લય ખોરવનારું છે. માણસ જૂઠું બોલીને કોઇને છેતરે ત્યારે ક્યાંક લય ખોરવાય છે. હિંસા, ક્રૂરતા, છેતરપિંડી, પરપીડન, બલાત્કાર, અભિમાન, અદેખાઇ, દ્વેષ, વેરભાવ અને દંભ જેવી બાબતો લયને ખોરવનારી છે. પોતાના થકી આ વિશ્વમાં વ્યાપી રહેલો લય ઓછામાં ઓછો ખોરવાય તે રીતે જીવનાર મનુષ્ય સંસારી હોય તોય સાધુ ગણાય. નાનાં નાનાં પાપોથી બચવા માટેની જાગૃતિ કેળવવી એ જ જીવનસાધના!

પાપ માણસને આકર્ષે છે. કઠોપનિષદમાં મનને આકર્ષનારી બાબતો માટે પ્રેય અને કલ્યાણકારી બાબતો માટે શ્રેય શબ્દ પ્રયોજાયો છે. પાપથી બચવા માટે શ્રેય—પ્રેય—વિવેક જરૂરી છે, કારણ કે જીવનમાં શ્રેય અને પ્રેય વચ્ચે ખેંચતાણ ચાલતી રહે છે. પાપ કરતી વખતે મનુષ્યને જે ખચકાટ થાય તે અત્યંત મૂલ્યવાન છે. ગીતા કહે છે : 'વિભુ કોઇનું પાપ કે પુણ્ય (સુકૃત) લેતો નથી.' આમ પાપ—પુણ્યની બાબતે મનુષ્ય સ્વાવલંબી છે, ઈશ્વરાવલંબી નથી. પાપ કરતી વખતે અનુભવાતા ખચકાટની ક્ષણ ચૂકી જવાય તે ખોટનો ધંધો છે.



એવી ક્ષણ ગમે તેવા રીઢા પાપીને પણ મળતી હોય છે. એ ક્ષણ ચૂકી જઇને જગતને રંજાડનારા મહાપાપીઓને લોકો કંસ, રાવણ કે હિટલરના નામથી ઓળખે છે. વિશ્વલય મોટા પાયા પર ખોરવે તેને મહાપાપી કહેવાય. પાપાનુભૂતિની ક્ષણે થતા ખચકાટને તાબે થવું એ પરાક્રમ ગણાય. આવું પરાક્રમ કરવાનો વિશેષાધિકાર કહેવાતા સામાન્ય માણસને પણ મળેલો છે.

પાબ્લો પિકાસો કહે છે : 'કોમ્પ્યુટર સાવ નકામું છે, કારણ કે એ માત્ર જવાબો જ આપે છે.' માનવીના મનમાં ઊભા થતા દિવ્ય પ્રશ્નોના જવાબ કોમ્પ્યુટર પાસે નથી હોતા. રમણ મહર્ષિએ પ્રબોધેલો આવો એક પ્રશ્ન છે : 'હું કોણ છું?'

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# નામ જપમાં અરૂચિનું કારણ

**સ્વામી રામસુખદાસજી**

વાલ્મીકિજીને અલ્પપ્રાણવાળું નામ પણ કેમ નહિ આવડ્યું? કારણ શું હતું? ધ્યાન આપો! ''રામ'' નામ ઉચ્ચારણ કરવામાં સહેલું છે; પણ જેનાં પાપ ઘણાં છે, તે પુરૂષના દ્વારા નામ–ઉચ્ચારણ અઘરૂં થઇ જાય છે. એક કહેવત છે–

**મજાલ ક્યા હો જીવ કી, જો રામ–નામ લેવે।**
**પાપ દેવે થાય કી, જો મુંડો ફોર દેવે॥**

જેમનું અલ્પ પુણ્ય હોય છે, તેઓ ''રામ'' નામ લઇ શક્તા નથી. શ્રીમદ્‌ભગવદગીતામાં પણ કહેવામાં આવ્યું છે કે જેમનાં પાપ નષ્ટ થઇ ગયાં છે તેઓ જ દ્રઢવ્રત થઇને ભગવાનના ભજનમાં લાગી શકે છે. ''રામ'' નામના વિષયમાં પણ આવી જ વાતો શાસ્ત્રોમાં વાંચીએ છીએ, સંતો દ્વારા સાંભળીએ છીએ. આવી જ એક ઘટના સમજીએ.

બાંકુડા ગામની વાત છે. એક સજ્જન હતા શ્રી બદ્રીદાસજી ગોયન્દકા. તેઓ પોતાની વીતેલી ઘટના સંભળાવવા લાગ્યા. એક ઘરડો બંગાળી સરોવરના કિનારે માછલીઓ પકડી રહ્યો હતો. શ્રીજયદયાલજી ગોયદન્કા તેમજ શ્રી બદ્રીદાસજીએ તેને જોયો અને કહ્યુ – ''આ ઘરડો થઇ ગયો, બિચારો ભજનમાં લાગી જાય તો સારૂ છે.'' તેને જઇને કહ્યુ કે તું ભગવન્નામ ઉચ્ચારણ કર તો તેને ''રામ'' નામ આવડ્યું નહિ. તે મહેનત કરવા છતાં પણ સાચું ઉચ્ચારણ નહિ કરી શક્યો. કેટલાંય નામો



બતાવ્યા પછી છેવટે 'હોરે','હોરે' કહેવા લાગ્યો. આ નામનું ઉચ્ચારણ તેનાથી થયું. બીજું કોઇ નામ આવડ્યું જ નહિ. તેને પૂછવામાં આવ્યું કે ''તને એક દિવસમાં કેટલાં પૈસા મળે છે!'' તેણે જણાવ્યું કે આટલી માછલીઓ મારવાથી આટલા પૈસા મળે છે. તો તેમણે કહ્યું કે ''એટલા પૈસાના ચોખા અમે તને આપી દઇશું. તું અમારી દુકાનમાં બેસીને આખો દિવસ 'હોરે','હોરે' (હરિ–હરિ) કર્યા કર''. તેને કોઇ રીતે દુકાન પર લઇ ગયા. તે એક દિવસ તો બેઠો, બીજે દિવસે મોડો આવ્યો અને ત્રીજે દિવસે આવ્યો જ નહિ. પાછું બે–ત્રણ દિવસ પછી જઇને જોયું, તે પેલી જગાએ તડકામાં માછલી પકડતો મળ્યો. તેમણે તેને કહ્યુ કે ''તું ત્યાં દુકાનમાં છાયામાં બેઠો હતો. શું તકલીફ હતી? તને અહીંયા જેટલું મળે છે તેટલું અનાજ આપી દઇશું ફક્ત દિવસભર બેસીને હરિ–હરિ કીર્તન કર.'' તેણે કહ્યુ –''મારાથી એ નહિ થશે.'' તે દુકાન પર નહિ બેસી શક્યો. આવી બનેલી ઘટના જણાવી. અમને વિશ્વાસ થયો કે વાત બરાબર છે ભાઇ! પાપીનું શુભ કામમાં લાગવું અઘરૂં હોય છે. તુલસીદાસજી મહારાજે કહ્યું કે ''જ્યારે તાવનું જોર હોય છે તો અનાજ ભાવતું નથી. તેને અનાજમાં પણ ગંધ આવે છે. જેમ ભીતરમાં તાવનું જોર હોય છે તો અનાજ ભાવતું નથી, તેમજ જેનાં પાપોનું જોર વધારે હોય છે, તે ભજન કરી શક્તો નથી. સત્સંગમાં જઇ શક્તો નથી.

એટલા માટે સજ્જનો! એક વાત પર ધ્યાન આપશો. જે ભાઇઓ સત્સંગમાં રૂચિ રાખે છે, સત્સંગમાં જાય છે, નામ લે છે, જપ કરે છે, તેવા પુરૂષને મામૂલી નહિ સમજવા જોઇએ. તેઓ સાધારણ માણસ નથી. તેઓ ભગવાનનું ભજન કરે છે,

શુદ્ધ છે અને ભગવાનના કૃપાપાત્ર છે. પરંતુ જેઓ ભગવાનની તરફ ચાલે છે, તેઓએ પોતાની બહાદૂરી નહિ માનવી જોઇએ કે અમે ઘણા સારા છીએ. આપણે તો ભગવાનની કૃપા માનવી જોઈએ, જેથી આપણને સત્સંગ, ભજન–ધ્યાનનો મોકો મળ્યો છે. આપણે એમ માનવું જોઈએ કે કળિયુગના સમયમાં આપણે ભગવાનની વાત સાંભળવા મળે છે, આપણે ભગવાનનું નામ લઈએ છીએ, આપણા પર ભગવાનની ઘણી કૃપા છે.

જેમ નદીનો પ્રવાહ સમુદ્રની તરફ જઈ રહ્યો છે, એમ જ આ સમય સંસારનો પ્રવાહ નરકોની તરફ ઘણા જોરથી વહી રહ્યો છે, ભણવામાં, રીત–રિવાજમાં, કાયદા–કાનૂનમાં, વ્યાપાર વગેરે કાર્યોમાં જ્યાં પણ જુઓ, ઘણા જોરથી પાપનો પ્રવાહ વહી રહ્યો છે.

ગોસ્વામીજી વર્ણન કરે છે કે કળિયુગમાં એવા જોરથી પાપ છવાઈ જશે કે મનુષ્યોનાં મન પાણીમાં માછલીની જેમ પાપોમાં ભળી જશે એટલે કે જેમ માછલીને પાણીથી દૂર કરી દઈશું તો તે ગભરાઈ જશે; કેમ કે તે પાણીના વિના જીવી શકતી જ નથી. એમ જ પાપરૂપી તો થયો સમુદ્ર અને તેમાં મનુષ્યોનું મન માછલી થઈ ગયું.

આજે જો એમ કહેવામાં આવે છે કે કાળાબજાર ન કરો, જૂઠ–કપટ ન કરો, બેઈમાની ન કરો, ન્યાયથી કામ કરો તો કહે છે. ''મહારાજ! જૂઠ–કપટના વિના આજના જમાનામાં કામ નથી થતું. ઈમાનદારીથી જો કામ કરીશું તો ઘણું મુશ્કેલ થઈ જશે. અમારાથી આ નહિ થશે.'' પછી તો અમારો નિર્વાહ થશે જ નહિ. અમારૂં તો જૂઠ–કપટ–બેઈમાનીથી જ કામ ચાલે છે.



આ બાબતોથી એવું નહિ માનવું જોઈએ કે દુરાચારી, પાપી, અન્યાયી મનુષ્ય ભજનમાં લાગી શક્તો નથી. ભગવદગીતા તો કહે છે ''સાંગોપાંગ દુરાચારી પણ જો પાક્કો વિચાર કરીને ભજનમાં લાગી જાય તો તેને મામૂલી નહિ માનવો જોઈએ''. ભગવાન કહે છે ''તેને સાધુ જ માનવો જોઈએ; કેમ કે તેણે નિશ્ચય પાકો કરી લીધો''.

ભગવાને ગીતામાં ચાર પ્રકારના ભક્ત જણાવ્યા છે– **''આર્તો જિજ્ઞાસુરથાર્થીજ્ઞાની ચ ભરતર્ષભ''– ''આર્ત** અને **''અર્થાર્થી''** ભક્ત ભગવાનનું નામ લે છે. જિજ્ઞાસુ પણ તેમનું નામ લે છે, પરંતુ **''જ્ઞાની''** તો **પ્રભુહિ બિસ્પિ પિયારા''. ''જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્''** – તે તો ભગવાનનો આત્મા જ છે.

## પૂ.કસ્તુર બા ગાંધીજીનું અડધું અંગ

'તેણે મારામાં લીન બનવાનું પસંદ કર્યું. પરિણામે તે મારું શુભતર અર્ધાંગ બની. તે બહુ જ આગ્રહી સ્વભાવની બાઈ હતી. નાનપણમાં હું એને જક્કીપણું ગણતો. પણ આ સત્યાગ્રહી સ્વભાવે તેને તદ્દન અજાણતાં અહિંસક અસહકારની કળા અને અમલમાં મારી ગુરુ બનાવી....

તેનામાં એક બહુ મોટો ગુણ હતો : દરેક હિંદુ પત્નીમાં ઓછાવત્તા પ્રમાણમાં તે હોય છે. ગમે કે ન ગમે અથવા જાણેઅજાણે પણ મારે પગલે ચાલવામાં એ ધન્યતા અનુભવતી.' **–ગાંધીજી**

# શ્રેષ્ઠ કર્મ કયી રીતે થાય?

જ્યોતિબેન થાનકી

**અનાસક્તભાવે કર્મ કરતાં :—**

''કર્મો કરવાં, એ તારો અધિકાર છે. તેના ફળ માટેનો નહીં'' ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને ભારપૂર્વક આ કહીને અનાસક્ત ભાવે કર્મ કરવાનો આદેશ આપ્યો છે. કર્મો તો કરવાનાં જ છે, એમાંથી પલાયન થવાનું નથી. પણ પછી એના ફળની આકાંક્ષા રાખવાની નથી. જો ફળની આકાંક્ષા હોય તો પછી એ કાર્ય ભગવાનને અર્પણ રૂપે થતું નથી. આથી પ્રથમ તો કર્મના ફળનો ત્યાગ કરવાનો છે. પણ એવું ય બને છે કે કર્મફળની સ્પૃહા તો છોડી દીધી છે. પણ પછી મનુષ્યને એ કર્મ પ્રત્યે જ આસક્તિ થઇ જાય છે. એ કામ એને એવું ગમવા માંડે છે કે પછી તે એ કાર્ય વગર રહી શક્તો નથી.

ગુરુએ પોતાના ખાસ શિષ્યને બોલાવીને કહ્યું; ''બેટા, ગંગાકિનારે એક વિશાળ આશ્રમનું નિર્માણ કરવું છે. આ તું કરી શકીશ?''

''આપના આશીર્વાદથી હું એ જરૂર કરી શકીશ.''

''તો જા, અને આશ્રમ તૈયાર કર.''

બે વરસ સુધી ભારે પરિશ્રમ કરીને ગંગાકિનારે આશ્રમ તૈયાર કર્યો. હવે માત્ર બે મહિનાનું કામ જ બાકી હતું. ત્યાં બીજા ગુરુભાઇ આવી પહોંચ્યા અને ગુરુદેવનો આદેશ આપ્યો, ''કે તમારે ગુરુજી સાથે હિમાલય જવાનું છે.'' આ સાંભળીને તે શિષ્યને મનમાં દુઃખ થયું કે આટલી બધી મહેનત કરીને આશ્રમ



તૈયાર કર્યો અને હવે પૂરો થવાની તૈયારીમાં છે, ત્યાં આ છોડીને હિમાલયમાં જવાનું? તેને આશ્રમ સાથે એવો લગાવ થઇ ગયો હતો, એટલે તે દુઃખી હૃદયે, ગુરુભાઇને એ જવાબદારી સોંપીને ચાલી નીકળ્યો. ત્યાં પહોંચીને ગુરુને તેણે કહ્યું; ''ગુરુદેવ, ફક્ત થોડુંક જ કામ બાકી છે, આપની આજ્ઞા હોય તો પૂરું કરી આવું.''

''ના વત્સ, તારે તો મારી સાથે જ આવવાનું છે.'' પછી તેની આંતરસ્થિતિને જોઇને ગુરુએ કહ્યું; ''બેટા, કાર્ય પ્રત્યે પણ આસક્તિ ન જોઇએ. તને સોંપેલું કામ તેં ઉત્તમ રીતે કર્યું છે. તેં પ્રભુને માટે, ગુરુને માટે કર્યું છે. એ જ્યારે તને એ કામ છોડવાનો આદેશ મળ્યો ત્યારે બધું ખંખેરીને ચાલી નીકળતાં પણ આવડવું જોઇએ, નહીતર એ કાર્ય આપણને બાંધી રાખે છે.'' જાગૃત ગુરુએ શિષ્યને કર્મ પ્રત્યેના લગાવમાંથી મુક્ત થવાનો મહાન બોધપાઠ શીખવ્યો.

કર્મમાં ત્યાગના ત્રણ તબક્કા આવે છે. પ્રથમ છે ફળનો ત્યાગ. પછી આવે છે, કર્મ પ્રત્યેની આસક્તિનો ત્યાગ. આ અનાસક્તિ એટલે જ્યારે આપણે કાર્ય કરીએ ત્યારે એમાં એટલાં ઓતપ્રોત બની જઇએ કે જાણે બીજું કંઇ કરવાનું છે જ નહીં. પણ જ્યારે તે પૂરું થઇ જાય પછી એની સ્મૃતિ પણ મનમાં ન રહે, 'આ કામ મેં કર્યું' એવી ભાવના બિલ્કુલ ન રહે, એ કર્મ પ્રત્યેની સાચી અનાસક્તિ છે.

એ પછી ત્રીજો તબક્કો છે; કર્તાપણાની ભાવનાનો ય ત્યાગ. કર્તાપણાની આસક્તિ યે છોડી દેવાની. ભગવાનની શક્તિ જ કાર્ય કરી રહી છે, એ અનુભૂતિ જ્યારે થાય, ત્યારે સંપૂર્ણ અનાસક્ત ભાવે કાર્યો કરી શકાય.

"જો કોઈપણ પ્રકારની ઈચ્છા ન હોય, કાર્ય પ્રત્યે આસક્તિ કે લગાવ ન હોય તો ય કર્મ સંભવે ખરું? ઈચ્છા રહિત કર્મ શક્ય છે ખરું? આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે ઈચ્છારહિત કર્મ શક્ય છે. આસક્તિ વિના પણ કર્મ સંભવી શકે છે." અહંભાવ વગર પણ કાર્ય થઇ શકે છે. કોઈ પણ જાતની સ્પૃહા વગર ફળ કે બદલાની ભાવના વગર, આસક્તિ વગર અહંપ્રેરિત હેતુ વગર સ્વધર્મને અનુરૂપ કર્મો થઇ શકે છે. આવાં કર્મો ઈશ્વરપ્રાપ્તિમાં કે આધ્યાત્મિક જીવનમાં બાધારૂપ નથી બનતાં. ભારતમાં જનક અને વિદુર જેવા અનાસક્ત ભાવે કર્મ કરનારાંઓના દૃષ્ટાંતો છે જ. અરે, શ્રીકૃષ્ણનું પોતાનું સમગ્ર જીવન પણ અનાસક્તભાવે કરેલાં કર્મોના પરિપાક રૂપે જ હતું!

**કાર્યો પૂર્ણતાથી કરવાં :–**

સામાન્ય રીતે આપણે જે કામ હાથ પર લઈએ છીએ, તે ઝટપટ પૂરું થઇ જાય એવું ઈચ્છીએ છીએ અને એ રીતે જ આપણે ઉતાવળે કામ કરી નાંખતા હોઈએ છીએ. આપણાં કાર્યોની પાછળ અધીરાઇ, ઉતાવળ, જેમ તેમ પૂરું કરી દઇને પછી નિરાંત અનુભવવાની વૃત્તિ, બીજાંઓને—ઉપરી અધિકારીઓને ખુશ કરવાની વૃત્તિ—વગેરે રહેલાં હોય છે. આથી આપણે કામનો ભાર, પછી થાક, તનાવ, અને કાર્ય પાછળનો હેતુ સિદ્ધ ન થાય તો નિરાશા—આ બધું અનુભવીએ છીએ. કામ કરવા પાછળનો હેતુ જ નિમ્નભૂમિકાનો હોવાથી એ ભૂમિકાની આ સઘળી વસ્તુઓ આપણી અંદર આવે છે. પરંતુ જો આપણે પ્રભુને અર્પણની ભાવનાથી કાર્ય કરીએ, એ કાર્યમાં પૂર્ણતા લાવવા પ્રયત્ન કરીએ તો એ કાર્ય આપણી ચેતનાને ઊંચે લઇ જાય છે. અર્પણનો આનંદનો, ઉત્સાહ,



પૂર્ણતા પ્રત્યેની ગતિ, શક્તિનો અનુભવ અને કાર્યને પૂર્ણ કર્યાનો સંતોષ—આ બધું ઊર્ધ્વ ભૂમિકાનું હોઈને, આપણે તેનો અનુભવ કરીએ છીએ. શ્રી માતાજી કહે છે કે, "દરેક કાર્યમાં તમારે સ્વચ્છતા, સુંદરતા, સંવાદિતા અને સંયોજનનું પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ. જો તમે ઓરડામાંથી કચરો કાઢતાં હો તો તમારે તેને ઓપરેશનના થિયેટર જેવો સ્વચ્છ બનાવવો જોઈએ." આમ કાર્ય ભલે તુચ્છ જણાતું હોય, પણ એ કાર્ય સમગ્ર ચેતના રેડીને પૂર્ણતાની ભાવનાથી કરવામાં આવે તો એ તુચ્છ જણાતું કાર્ય પણ મનુષ્યને પૂર્ણચેતના સાથે એકરૂપ કરાવી શકે છે. પરંતુ પૂર્ણ રીતે કાર્ય કરવું સહેલું નથી. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે; "કામ કરવું એટલું બધું સહેલું નથી. તમે બાહ્ય રીતે, કાર્ય ગમે તે રીતે પૂરું કરી નાંખો એટલે, તમે સાચી રીતે કામ કર્યું છે એમ તમે માની લેશો નહીં, સામાન્ય રીતે જેને સાધના ગણવામાં આવે છે, એવી સાધનાના કરતાં સાચી રીતે કામ કરવું મુશ્કેલ છે!" પરંતુ જો વ્યક્તિની સાચી ભાવના હોય તો મુશ્કેલ જણાતું કામ પણ થઇ શકે છે. એ માટેનું માર્ગદર્શન શ્રી અરવિન્દે પત્રમાં સાધકને આપતાં જણાવ્યું હતું કે, "દરેક બાબતમાં કર્મ, અભ્યાસ કે પછી યોગ કરવામાં જો તમારે પૂર્ણતા લાવવી હોય તો આ વસ્તુઓની જરૂર છે; મનની સ્વસ્થતા, શક્તિ વિષેની સભાનતા એના પ્રત્યે ઉદ્‌ઘાટન અને એ શક્તિને પોતાની અંદર કાર્ય કરવા દેવાની અનુમતિ"—પ્રથમ તો આ ચાર વસ્તુઓ વ્યક્તિએ પોતાની અંદર જ મેળવવાની છે. એ પછી વ્યક્તિ પોતે જ અનુભવવા લાગે છે કે તે તો માત્ર સાધન જ છે. બધાં કાર્યો તો પ્રભુની શક્તિ દ્વારા થઇ રહ્યાં છે.

**કાર્યો એકાગ્રતાથી કરવાં :**

મોટે ભાગે એવું બનતું હોય છે કે આપણા હાથ કામ કરતા હોય છે, પણ મન બીજી અનેક બાબતોનો વિચાર કરતું હોય છે. તેથી પછી કામ સારું થતું નથી, અને કામમાં કંટાળો આવે છે, થાક લાગે છે. આ બાબતમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, "જ્યારે તમે કામ કરતા હો ત્યારે તમારે સંપૂર્ણપણે કાર્યમય બની જવું જોઇએ. તે સમયે બીજી કોઇ યોજના મનમાં ઘડાતી ન હોવી જોઇએ."—પુસ્તક વાંચવું, દોરવું, ગીત ગાવું, આ બધાં કાર્યોમાં જ નહીં પણ સામાન્યમાં સામાન્ય કાર્યોમાં પણ મન પૂરેપૂરું એકાગ્ર હોવું જોઇએ. આ વિષેનું દૃષ્ટાંત આપતાં શ્રી માતાજી સમજાવે છે કે, 'જ્યારે તમે એક શીશીમાંથી બીજી શીશીમાં પ્રવાહી ભરો ત્યારે એ પ્રવાહી અને ભરવાની ક્રિયા સાથે તમે એકરૂપ બની રહો છો, તેથી પ્રવાહી ઢોળાતું નથી, પણ જેવો તમારા મનમાં બીજો વિચાર આવે કે પ્રવાહી બહાર ઢોળાવા લાગે છે. દરેક કામનું એવું જ છે. જો તમારે કામ બરાબર કરવું હોય તો તમારે એ કાર્યરૂપ બની જવું જોઇએ, પણ એ તમે કરી રહ્યા છો, એવું જો ભાન હશે તો કાર્ય બરાબર નહીં થાય, વિચારો આવવા લાગશે ને કામ ડહોળાઇ જશે, રસોઇ કરતાં હશો તો બળી જશે, રમત રમતાં હશો તો બોલ ચૂકી જશો ને હાથમાં કોઇ નાજુક વસ્તુ હશે તો તે તમે ભાંગશો." પુસ્તક લખનાર 'આ હું લખું છું, આવી ભાવનાથી પુસ્તક લખે તો એ પુસ્તકમાં તેની શુદ્ર વ્યક્તિતા છવાયેલી હોય છે, એ પુસ્તકમાં એની ગંધ વ્યાપેલી હોય છે, એટલે કે પુસ્તક અસરકારક બનતું નથી. એવું જ ચિત્રકારનું પણ છે. સર્જકો જ્યારે પોતાની જાતને ભૂલીને પોતાના સર્જનમય બની જાય,



ત્યારે જ અદ્ભુત સર્જન થતું હોય છે. ઉત્તમ સર્જન કરવા માટે શ્રી અરવિન્દે એક સાધકને માર્ગદર્શન આપતાં કહ્યું હતું; "તમારા મનને શક્ય તેટલું નીરવ કરો. એ નીરવ મનથી ઉપરના વિષે સભાન બનો. જો તમે સફળ થશો, અને તે સ્થિતિમાંથી કાર્ય કરી શકો તો તે પૂર્ણ બનશે." શાંત અને નીરવ મનમાં જ ઊર્ધ્વમાંથી આવતી દિવ્ય પ્રેરણાઓ ઝીલાય છે. એ પ્રેરણાઓ દ્વારા થતાં કાર્યો ઉત્તમ કાર્ય છે. પરંતુ અહીં પ્રશ્ન એ ઊઠે છે કે જો મન શાંત અને નીરવ થઇ જાય તો પછી કાર્ય કેવી રીતે થઇ શકે? આના ઉત્તરમાં શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે "આંતર—નીરવતા અને કાર્યો એ કોઇ વિરોધી બાબતો નથી."

વડોદરામાં જ્યારે શ્રી અરવિન્દને યોગી વિષ્ણુભાસ્કર લેલેના સાંનિધ્યમાં નીરવ બ્રહ્મની અનુભૂતિ થઇ ત્યારે એમનું મન તદ્દન શાંત થઇ ગયું હતું. એ દરમિયાન એમને મુંબઇમાં ભરાનાર કોંગ્રેસ મહાસભાના અધિવેશનમાં ભાષણ આપવા અંગે આમંત્રણ મળ્યું. તેમણે લેલેને પૂછ્યું; "મારું મન તદ્દન શાંત છે, તેમાં એક પણ વિચાર ઊઠતો નથી, તો ભાષણ કેવી રીતે આપી શકાય?" ત્યારે લેલેએ કહ્યું : "આ આમંત્રણને સ્વીકારી લો. સભાને નારાયણરૂપ માની નમસ્કાર કરી બોલજો, વાણી તો ઉપરથી આવશે" અને ખરેખર તેમ જ થયું. તેમના મનમાં એક પણ વિચાર નહોતો. તો પણ જ્યારે તેમણે બોલવાનું શરૂ કર્યું, ત્યારે એક પછી એક શબ્દો જાણે ઉપરથી ઊતરવા લાગ્યા. એમનું એ આખું પ્રવચન ઉપરની ભૂમિકામાંથી આવેલું અદ્ભુત પ્રવચન હતું! એ પછી એમણે જેટલાં પ્રવચનો આપ્યાં, એ બધાં મનની નીરવતામાંથી જ આપ્યાં હતાં! આ રીતે નીરવ મન દ્વારા ઊર્ધ્વની શક્તિઓ પ્રાપ્ત થતાં સામાન્ય કાર્યો પણ અદ્ભુત બની જાય છે!

# આગનાં આંસુ

—મકરંદ દવે

આઝાદ અને તેજ મિજાજનો એ જુવાન સંન્યાસી. મહારાજાએ ગોઠવેલી મહેફિલમાંથી એ આગના ભડકાની જેમ ઊઠ્યો, અને કોઈની સાડીબાર રાખ્યા વિના સડસડાટ રવાના થઈ ગયો. એના ગેરુઆ રંગની જ્વાળા આખીયે મહેફિલને દઝાડતી ફરી વળી.

હજુ તો મહેફિલનો રંગ જામતો હતો. જયપુરની નિપુણ ગાયિકાએ સ્વરલહરી વહેતી કરી હતી. પાંખાળા કંઠને સાજિન્દાઓ અનુકૂળ હવાની જેમ સાથ આપી રહ્યા હતા. વાતાવરણમાં એક ઠંડકભરી ખુશબૂ, એક મોહક લાલી છવાઈ ગઈ હતી. ત્યાં સંન્યાસીએ આંધીની જેમ ઊઠીને આ ગુલાબી દુનિયા વેરવિખેર કરી નાખી. સહુ જાણતા હતા કે સંન્યાસી કોઈ રૂખોસૂકો વેરાગી નથી. સંગીતનો એ પૂરો જાણકાર છે. બહુ નાની વયથી કામિલ ઉસ્તાદો પાસે તેણે તાલીમ મેળવી છે, અને એના કંઠમાં એવો જાદુ ભર્યો છે કે માટીનાં માનવી તો શું, ખુદ ભવતારિણી શ્યામા નાગની જેમ ફેણ માંડીને મંત્રમુગ્ધ બની એનું ગાન સાંભળી રહે છે.

પણ કોણ જાણે શું થયું, તે સ્વામીનું દિલ એકાએક મહેફિલમાંથી ઊઠી ગયું. પોતાની મોટી મોટી ને કાળી આંખોની એક જ નફરતભરી નજરથી ગાયિકાને આરપાર વીંધીને ચાલ્યા ગયા. મહારાજાએ પાછળ દોડીને સ્વામીને રોકવા પ્રયત્ન કર્યો પણ તે ન ફાવ્યા. મહારાજા, દરબારી, હજૂરિયા કાંઈ સમજી ન શક્યા. ગુરુમહારાજ આમ ગુસ્સામાં આવી કેમ ઊઠી ગયા?



કોઈએ બેઅદબી કરી? કાંઈ ગફલત થઈ? ગુનો થયો? સંગીતમાં કાંઈ કસૂર આવી ગઈ? આખી મહેફિલમાં ઉદાસી છવાઈ ગઈ. ગાયિકા અર્ધજલી શમાની મહેફિલ વચ્ચે બેનૂર થઈને બેસી રહી.

સ્વામીએ પોતાના તંબૂમાં આવી આમતેમ ટહેલવા માંડ્યું. તેમના દિલમાં દરિયો ડોવાતો હતો. સંગીતના રસથી પ્રેરાઈને તેમણે મહેફિલમાં હાજરી આપી હતી. ઘડીભર સુરીલા કંઠ પર મુગ્ધ બની એમનો પ્રાણ દુધિયા વાદળની જેમ આસમાનના કિનારા માપવા નીકળી પડ્યો હતો. આનંદસમાધિની ભાવ—ભરતી એમના અંતરમાં ઘૂઘવતી હતી. ત્યાં અચાનક ગાયિકા પર નજર પડી. પોતાની આસપાસ ચમકદમક થતા રજવાડી ઠઠેરાનાં તીખાં કિરણોએ તેમની આંખમાં ભાલા પરોવ્યા. સદાયે ભીતરનાં પડ ભેદવા મથતા એમના અંતરાત્માએ બતાવ્યું : એક સર્વત્યાગી સંન્યાસી બેઠો છે. ક્યાં? દરબારી ખંડમાં, ખાસાઓના મંડળ વચ્ચે. અને તેની સામે શું ચાલી રહ્યું છે? એક તવાયફનું નાચગાન. ઝાકળભીની યાળ ખંખેરીને છલંગ મારતા કેસરીની જેમ એ જ પળે સંન્યાસી દરબાર ખંડ છોડી ગયો.

સ્વામીનું અંતર વલોવાતું હતું : આ માટે સંન્યાસ લીધો હતો? માની મમતા ને ઘરની માયા આ માટે મૂકી હતી? તેને પોતાનું બાળપણ યાદ આવ્યું. કલકત્તાની થિયેટર બાજુની ફૂટપાથ ઉપર પણ પોતે નહોતો ચાલતો. કોઈ મોહજાળમાં ફસાયા વિના પરમને બારણે સીધા પહોંચી જવાની તેને અદમ્ય ઝંખના હતી. એ બારણાં એમ ન ઊઘડે તો હથોડા મારીને પણ ભાંગી નાખવાની તેની ભૂજામાં તાકાત હતી. એ જ આદમી આજે કેવી રેશમી જાળ પોતાની આસપાસ વણી રહ્યો હતો!

એને પોતાના ગુરુ યાદ આવ્યા. માથાં પછાડી મરી જાઓ છતાં ન મળે એવા ગુરુ, એને તો વાછરું માટે વલવલતી ગાયની જેમ સામેથી મળ્યા હતા. કેટલો અગાધ પ્રેમ હતો એમનો! કેવો અડગ વિશ્વાસ! 'મારો નરેન' કહેતાં એમની છાતી ફાટફાટ થતી. 'મારો નરેન તો મસ્ત હાથી. ક્યાંય બંધાય નહિ. મારો નરેન તો શુકદેવ સરીખો. દુનિયાને અમૃત પાવા આવ્યો છે. કોઈ દિ' એઠાં પતરાળાં ચાટે નહિ.'

સ્વામીની છાતીમાં કારમી ચોટ લાગી : અને અત્યારે હું શું કરી રહ્યો છું? એક રાજાના હજૂરિયા ભેળો બેઠો છું. એક તવાયફનું ગાણું સાંભળું છું. મારું આસન ભારતના દીનહીન કંગાલોના કૂબામાં હોય. સ્વામીએ હોઠ ભીડ્યા. મહારાજાની ભારોભાર ભાવભક્તિ હોવા છતાં અહીંથી ભાગી છૂટવા એમની આઝાદ તબિયત પોકારી ઊઠી. આ નાચમુજરા સાથે મને શી નિસ્બત? ત્યાં ગાયિકાનો કરુણ-કાતર સ્વર સંભળાયો :

***'પ્રભુ, મોરે ઔગુન ચિત્ત ન ધરો,***
***સમરદરસી હૈ નામ તિહારો, ચાહે તો પાર કરો.***
***ઈક લોહા પૂજામેં રાખત, ઈક ઘર બધિક પરો,***
***યહ દુબિધા પારસ નહિ જાનત, કંચન કરત ખરો;***
***એક નદિયા, એક નાર કહાવત, મૈલો નીર ભરો,***
***જબ મિલકે દોઉ એક બરન ભયે, સુરસરિ નામ પરો;***
***યહ માયા ભ્રમ–જાલ કહાવત, સુરદાસ સગરો,***
***અબકી બેર મોહીં પાર ઉતારો, નહિ પન જાત ટરો.'***

સ્વામીના પગ થંભી ગયા. એમનું હૈયું હલમલી ઊઠ્યું. ગીતનો ધ્વનિ સ્પષ્ટ હતો. એક મર્મભેદક વેદનાથી એ તિરસ્કૃત નારીકંઠ સ્વામીને સાદ કરતો હતો : પોતાનો ધરમ સંભાળવા.



દુનિયા આ પતિત ગણાતી સ્ત્રીની ભલે અવહેલના કરે, પણ એનામાં રહેલા અપૂજ દેવત્વને સ્વામી પણ નહિ પિછાણે તો એની પ્રાણપ્રતિષ્ઠા કોણ કરશે? પારસ પોતાનો ધર્મ ચૂકે તો બીજા પથરા ને પારસમાં ફેર શું? ગાયિકાને કંઠે જાણે ગુરુ જ કહી રહ્યા હતા :

'રે ચોખલિયા! સુગાળ! કાયર! આવી રીતે નાસી જઈને તું દુનિયાના મેલ ધોવાનો? પતિતની અંદર અંધારે ખૂણે પડેલા દેવત્વને ક્યારે દેખીશ? જરા જો! તારા નિર્મલ પ્રેમથી એને જગાડી બતાવ! તિરસ્કારથી તો ક્યાંયે તેજ આવતું નથી.'

સ્વામીની આંખેથી જાણે પડળ ઊતરી ગયાં. પોતે જેને અધમ માની અવગણી હતી એ ગાયિકાએ જીવનનું નવું દર્શન કરાવ્યું. સુરદાસનું આ પદ જાણે નવું આંજણ આંજી ગયું. સ્વામીએ જોયું તો શૂર્પણખાનો બેડોળ ને બિહામણો બૂરખો હટાવી સીતાનું નિતાન્ત સુંદર ને પવિત્ર મુખ સામે મલકી રહ્યું છે! વર્ષો પહેલાં ગુરુએ વર્ણવેલો અનુભવ તેમને યાદ આવી ગયો. ગુરુએ કહ્યું હતું

'હું રસ્તે જતો'તો. રસ્તાના એક નાકા પર આસમાની સાડી પહેરીને એક વેશ્યા ઊભી હતી. મને એનામાં રામની વાટ જોતાં સીતાજીનાં દર્શન થયાં.'

લોખંડી સ્વામીને ગુરુનાં માખણથીયે મૃદુ વેણ ગાળી નાખતાં હતાં. ભેદમાત્ર ભૂંસી નાખીને એક જ ચૈતન્યને ચારે તરફ જોવા ને જાગ્રત કરવાની એ હાક મારતા હતા. પેલી ગાયિકાની સ્વર–લહરી તો ભૂલા પડેલા બાળકની જેમ હજુયે અસહાય બની અથડાતી હતી. સ્વામીએ ચૂપચાપ ફરી ખંડમાં પ્રવેશ કર્યો. ગાયિકાના ચહેરા પર આનંદની ઝલક છવાઈ ગઈ. એનો ફુલ્લ કંઠ કોઈ પરમ કરુણા ઝીલતો છલકી ઊઠ્યો અને સ્વામીની આંખમાંથી દડદડ આંસુ સરી પડ્યાં.

# આત્મા

—દયાનંદ તીર્થ

'તું સાધક હો કે સિદ્ધ,
યોગી નવનિધ,
જ્ઞાની અજ્ઞાની, શું ચિંતા કરે નકામી?'

પરમપિતા પરમાત્માએ આપણને જ્યાં ગોઠવ્યા હોય ત્યાં ગોઠવાઇ રહેવું. જે કાંઇ ફરજો સોંપી હોય તે બજાવતા જવું. ઉપરાંત પ્રતિપળે અનંતની યાદી રાખવી. જરૂર એક દિવસ એવો આવશે કે પરમશાંતિ અને પરમઆનંદની પ્રાપ્તિ હશે. ૐ આનંદ ૐ.

જેમ ઝાંઝવાનું નીર પૃથ્વીને ભીંજવી શકતું નથી, દેખાય ખરું પણ સ્પર્શે નહીં તેમ આ બધી માયા જીવ ભાવને દેખાય ખરી, પણ આત્માને સ્પર્શી શકે નહીં. આત્મા તો ઉજ્જવળ છે. એને માયાનાં આવરણ જરાયે નડી શકતાં નથી. પણ આ વાત ત્યારે જ સમજાય કે જ્યારે દૃષ્ટિ આત્મા સુધી પહોંચી હોય. માટે આપણું મુખ્ય કર્તવ્ય એ છે કે જેમ તળાવના પાણી ઉપરની લીલ આઘીપાછી કરીને તરસ્યો માણસ સ્વચ્છ પાણી પી શકે છે. તેમ માયાના આવરણને ને જરા જ્ઞાને કરીને આઘાપાછા કરી દઇને દૃષ્ટિને સ્થિર કરીને આત્મા તરફ વાળે અને આત્મામાં દૃષ્ટિ જોડે, તો નક્કી થાય કે આ બધા આવરણો આત્માની આજુબાજુ હોવા છતાં આત્માને સ્પર્શેલાં નથી. ૐ આનંદ આનંદ આનંદ ૐ શ્રીમદ્ રાજચંદ્ર કહી ગયા છે કે,



**'દુઃખ દર્દ અને દરિદ્રતા મનુષ્યમાત્રને હોય;**
**જ્ઞાની કાટે જ્ઞાનસે; મૂરખ કાટે રોય!'**

જીવન આનંદપૂર્વક જીવવા માટે જ્ઞાનની ખાસ જરૂર છે અને જ્યાં ભારોભાર સહનશક્તિ હોય ત્યાં જ જ્ઞાન પ્રગટે છે. ૐ આનંદ.

॥ ૐ ॥

## ૨. અનુભવ માટે અંધકાર

અંધકાર એ પ્રકાશની માતા છે. બહિર્ જગતમાં મુસાફરી કરવા માટે પ્રકાશની ભલે જરૂર હોય. પરંતુ આંતર્જગતમાં મુસાફરી કરવા માટે અંધકારની ખાસ જરૂર છે. બહિર્જગતમાં લાગેલો થાક આંતર્જગતમાં જવાથી મટી જાય છે. બહિર્જગતમાં પ્રાણીઓ અને પદાર્થો છે. જ્યારે આંતર્જગતમાં પ્રાણ અને ચેતના છે. પ્રાણી અને પદાર્થોમાં પ્રાણ અને ચેતના છે ખરાં, પરંતુ તે તો દૂધમાં રહેલા ઘીની માફક છે. જેથી તેને દેખવા સહેલાં નથી. જ્યારે આંતર્જગતમાં પ્રાણ અને ચેતના સહેલાઇથી દેખી શકાય છે.

પ્રાણ અને ચેતના જોવા, જાણવા, અને અનુભવવા માટે સાધકમાત્રને પ્રકાશ બાધક છે અને અંધકાર સહાયક છે. કારણ કે પ્રકાશને ગતિ છે અને અંધકારને સ્થિરતા છે. જ્યાં ગતિ છે ત્યાં વાતાવરણની આવજાવ છે. પ્રકાશથી આપણે ઊભું કરેલું શુદ્ધ વાતાવરણ ગતિમાન થઇને વિશ્વમાં ચાલ્યું જાય છે અને વિશ્વનું કલુષિત વાતવરણ આપણા તરફ આવે છે. આ રીતે વાતાવરણના હલનચલનથી સાધકનું અંતઃકરણ પણ હાલતું રહે છે.

જ્યાં સુધી અંતઃકરણ સ્થિર થાય નહીં, ત્યાં સુધી દૃષ્ટિ સ્થિર

થાય નહીં. અને દૃષ્ટિ સ્થિર થાય નહીં ત્યાં સુધી પ્રાણ અને ચેતનાનો અનુભવ થવો શક્ય નથી. માટે જ અંધકાર સહાયક છે. કારણ કે અંધકાર સ્થિર તત્ત્વ છે. અને પ્રકાશ કરતાં અનેક ઘણી તાકાતવાળું છે. તેથી બહારનું કલુષિત વાતાવરણ આપણને સ્પર્શી શકતું નથી અને આપણાં અંતઃકરણમાં તૈયાર થયેલું શુદ્ધ વાતાવરણ બહાર જઇ શકતું નથી. તેથી આપણું ચિત્ત અને આપણી દૃષ્ટિ પૂર્ણ તાકાતવાન બને છે. અને અંતે પ્રાણ અને ચેતનાનો સ્વાનુભવ થાય છે. ૐ આનંદ, આનંદ.

॥ ૐ ॥

### ૩. સાધક—સાધન—સાધના—સાધ્ય

જીવ માત્ર સાધક છે. ઈશ્વર સાધ્ય છે. અને શરીર એ સાધન છે. જીવનના બધા જ પ્રસંગો સાધનરૂપ જ છે. અને તેમાંથી જીવાત્માએ સહજભાવે પસાર થવાનું હોય છે.

જ્યાં કર્તાપણું હોય ત્યાં ભોક્તાપણું હોય છે અને લાગણી પણ હોય છે. લાગણીના બે ભાગ છે (૧) હર્ષ (૨) શોક

આનંદ એ મૂળ તત્ત્વ છે, ઈશ્વરી તત્ત્વ છે અને બધાં જ તત્ત્વોનો સ્વામી છે. અને તે હર્ષશોકથી પર છે, રાગદ્વેષથી પર છે, ગુણ—અવગુણથી પર છે. આનંદને રૂપ નથી, ગુણ નથી, ક્રિયા નથી, લાગણી નથી અને કેવળ પરમશાંતિ છે.

આનંદનું ભોક્તાપણાનું સ્મરણ રહેવું તેના કરતાં આનંદનું ભોક્તાપણું પણ ભૂલી જવું એ વધુ શ્રેષ્ઠ છે. એ વખતે સાધક આનંદમાં ડૂબી જાય છે. આનંદનું વિસ્મરણ થઇ જાય છે. અને પરમશાંતિ પ્રાપ્ત થાય છે. ૐ.



# ભગવાન પ્રાર્થનાનો જવાબ કઇ રીતે આપે છે

ડો. આઇ. કે. વીજળીવાળા

એક ડોક્ટર એક વખત એમના ઘરથી ખૂબ દૂર આવેલા એક શહેરમાં આવેલા એક શહેરમાં જઇ રહ્યા હતા. એમનું નામ હતું ડોક્ટર એહમદ. એ એક મેડિકલ કોન્ફરન્સમાં હાજરી આપવા જઇ રહ્યા હતા. આ એક એવી કોન્ફરન્સ હતી જેના માટે ડો. એહમદ ખૂબ જ ઉત્સુક હતા. એમણે રોગોની સારવાર અંગે કરેલી એક ખૂબ જ અગત્યની શોધ માટે એમને એમાં એવોર્ડ મળવાનો હતો. છેલ્લા ઘણા વર્ષોથી એમણે દિવસરાત જોયા વગર સંશોધનનું કામ કર્યુ હતું. એ બધી મહેનત આખરે ફળી હતી અને એના ફળસ્વરૂપે તેઓ એ એવોર્ડના હકદાર બન્યા હતા.

ડોક્ટરને મનોમન ભારે રોમાંચ થઇ રહ્યો હતો. ક્યારે એ શહેરમાં પહોંચી જવાય એની તાલાવેલી એમના ચહેરા પર સ્પષ્ટ વાંચી શકાતી હતી. પ્લેનમાં બેસી ગયા પછી પણ એ વારંવાર પોતાની ઘડિયાળ સામે જોઇ લેતા હતા. થોડી થોડી વારે એમનું મન કોન્ફરન્સના વિચારોમાં જ લાગી જતું હતું. "બસ, હવે ફક્ત બે જ કલાક અને પછી ત્યાં!" એવો વિચાર પણ એમના મનમાં ઝબકી જતો હતો.

પરંતુ એ જ વખતે અચાનક જ વિમાનના પાઇલટે જાહેરાત કરી કે વિમાનના એન્જીનમાં ગંભીર તકલીફ ઉભી થવાના કારણે એમણે નજીકનાં કોઇપણ એરપોર્ટ પર તાત્કાલીક ઉતરાણ કરવું પડશે. ડોક્ટરના મનમાં ફાળ પડી. સમયસર કોન્ફરન્સમાં

નહિ પહોંચી શકાય એવી ચિંતા પણ એમને થઇ આવી. પરંતુ આવા આકસ્મિક સંજોગોમાં વિમાને ઉતરાણ કરવું જ પડે તેમ હતું. ડો. એહમદ મનમાં ને મનમાં મૂંઝાવા લાગ્યા.

જેવું વિમાને નજીકના એક નાના એરપોર્ટ પર ઉતરાણ કર્યું કે તરત જ ડોક્ટર દોડતા હેલ્પડેસ્ક પર પહોંચ્યા. ત્યાં મદદ માટે ઉભેલી સ્ત્રીને પોતાની પરિસ્થિતિ સમજાવી. જેટલું બને તેટલું ઝડપથી પોતાને કોન્ફરન્સમાં પહોંચવું પડે તેમ છે એ પણ કહ્યું. પોતાને ત્યાં પહોંચવા માટેની સૌથી પહેલી ફ્લાઇટમાં બુકિંગ કરી આપવાની વિનંતી કરી. એકાદ બે કલાકમાં જ કોઇ ફ્લાઇટ હોય તો વધારે સારું એવું ભાર દઇને જણાવ્યું.

"માફ કરજો સર!" પેલી સ્ત્રીએ કહ્યું, 'તમારે જ્યાં પહોંચવાનું છે એ શહેર તરફ જવા માટે આવતા દસ કલાક સુધી અહીંથી બીજી કોઇપણ ફ્લાઇટ નથી. પરંતુ તમને વાંધો ન હોય તો હું એક સૂચન કરું. એરપોર્ટની બહારથી જ કાર ભાડે મળે છે. જો તમારી પાસે ડ્રાઇવિંગ લાઇસન્સ હોય તો આરામથી ચારેક કલાકમાં તમે ત્યાં પહોંચી શકો છો. ટેક્સી કરતાં ઘણું સસ્તુ પણ પડશે અને મારા માનવા પ્રમાણે તમારા માટે એ એક ખૂબ સારો વિકલ્પ છે.

ડોક્ટર એહમદને એ સૂચન ખૂબ ઉપયોગી લાગ્યું. એમના માટે આમેય હવે બહુ વિકલ્પ બચ્યા જ નહોતા. એમણે એક કાર ભાડે કરી લીધી. આમ તો લોંગ ડ્રાઇવનો એમને ખૂબ કંટાળો આવતો, પરંતુ એ દિવસે એમ કર્યા વિના છૂટકો પણ નહોતો. એમના મનમાં ફરીથી એક વખત કોન્ફરન્સના વિચારો શરૂ થઇ ગયા. થોડી ક્ષણો માટે દબાઇ ગયેલો એ રોમાંચ ફરીથી



જાગૃત થઇ ગયો. લાંબા અંતરના ડ્રાઇવિંગ માટેનો કંટાળો ખંખેરીને ડોક્ટરે કાર મારી મૂકી.

પરંતુ એ દિવસે કુદરત પણ જાણે કે ડોક્ટરની વિરુદ્ધમાં બરાબરનો જંગ માંડીને બેઠી હોય એવું લાગતું હતું. ડોક્ટરે હજી તો માંડ સોએક કિલોમિટર જ કાપ્યા હશે ત્યાં જ વાતાવરણમાં ભયંકર પલટો આવવાનું શરૂ થઇ ગયું. વાવાઝોડા જેવો પવન શરૂ થઇ ગયો. થોડીવારમાં જ અનરાધાર વરસાદ વરસવા માંડ્યો. એ વરસાદમાં વચ્ચે વચ્ચે બરફના કરા પણ પડતા હતા.

ડોક્ટરને કાર ચલાવવામાં મુશ્કેલી પડવા માંડી. આગળ રસ્તો જોવામાં પણ તકલીફ પડતી હતી. આગળના કાચમાં જામતું પોતાના જ ઉચ્છવાસની વરાળનું પડ એ મુશ્કેલીમાં ઓર વધારો કરતું હતું. વરસાદ ઓછો થવાના બદલે દરેક ક્ષણે વધારે ને વધારે રોદ્ર સ્વરૂપ પકડતો જતો હતો. આટલો બધો ભયંકર વરસાદ, ધૂંધળો રસ્તો અને અજાણ્યો પ્રદેશ! એ બધાને કારણે ડોક્ટર એહમદ રસ્તો ભૂલી ગયા. એક જગ્યાએ જ્યાં વળવાનું હતું એ ટર્નનું સાઇનબોર્ડ એમને દેખાયું જ નહિ. વળવાને બદલે એ આગળ નીકળી ગયા.

બીજા ત્રણેક કલાક ડ્રાઇવ કર્યા પછી વરસાદ તો ઓછો થયો પરંતુ ડોક્ટરને શંકા ગઇ કે પોતે રસ્તો ભૂલી ગયા છે. પરંતુ હવે એ રસ્તે પાછા ફરતાં પહેલાં થોડા આરામની તેમજ પેટમાં કંઇક નાખવાની જરૂરિયાત પણ ઊભી થઇ ગઇ હતી. એ રસ્તો એવો નિર્જન હતો કે રસ્તાની બાજુમાં કોઇ ધાબા કે રેસ્ટોરન્ટ પણ દેખાતાં નહોતાં. કોઇ ગામ જો દેખાય જાય તો એના રહેવાસીનું

માર્ગદર્શન મેળવી શકાય એ આશાએ ડોક્ટર કાર ચલાવ્યે જતા હતા.

ઘણા વખત સુધી કોઇ ગામ દેખાયું નહીં. હવે એમને બરાબરનો થાક લાગ્યો હતો. હવે તો કોન્ફરન્સના વિચારો પણ બંધ થઇ ગયા હતા અને ત્યાં પહોંચવાની એમની ઉત્સુકતા પણ મરી પરવારી હતી. બસ, હવે તો એકાદ ગામ દેખાઇ જાય તો ઉભા રહી જવું એ એક વિચાર એમને આવતો હતો. અચાનક રસ્તાની બાજુમાં આવેલા એક જર્જરિત મકાન પર એમનું ધ્યાન પડ્યું. દૂર ગામ પણ દેખાયું હતું. પરંતુ ડોક્ટર એટલા થાક્યા હતા કે એ ઘર નજરે પડતાં જ એમનાથી બ્રેક લાગી ગઇ. કારમાંથી ઉતરીને એમણે એ ઘરનો દરવાજો ખખડાવ્યો. એક વૃદ્ધ સ્ત્રીએ દરવાજો ખોલ્યો, દરવાજો અધૂકડો રાખીને એણે આ માણસ કોણ છે, ક્યાંથી આવે છે, શું કામથી આવે છે, એવું બધું પૂછ્યું. ડોક્ટર એહમદે પોતે રસ્તો ભૂલી ગયા છે એ કહ્યું. ઘણા કલાકના ડ્રાઇવિંગથી પોતે ખૂબ જ થાક્યા છે એ પણ જણાવ્યું. ઘરમાં જો ટેલિફોન હોય તો પોતે ઉપયોગ કરવા માંગે છે એવું પણ કહ્યું.

પોતાના ઘરમાં ટેલિફોન નથી તેમજ છેલ્લા ચોવિસ કલાકથી લાઇટ પણ નથી એવું જણાવીને એ સ્ત્રીએ ઘરનો દરવાજો ખોલી નાખ્યો. પછી કહ્યું, ‘જો ભાઇ! તમારે ઉતાવળ ન હોય તો તમે ઘડીક અંદર આવી શકો છો અને વાંધો ન હોય તો મારે ત્યાં થોડુંક ખાઇને પછી આગળ વધજો! તમારો ચહેરો જોતાં તમે ખૂબ જ થાક્યા હો એવું લાગે છે!’

ડોક્ટર એહમદે બે ક્ષણ વિચાર કર્યો. થાક અને ભૂખ તો



લાગ્યાં જ હતાં. ઉપરાંત એ અજાણ્યા પ્રદેશમાં રસ્તો શોધવામાં અને મૂળ રસ્તે ફરીથી ચડવામાં કેટલો સમય લાગે એ પણ નક્કી નહોતું. એમણે એ વૃદ્ધ સ્ત્રીનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. હાથ—મોં ધોઇને ડોક્ટર ડાઇનિંગ ટેબલ પર નાસ્તાને ન્યાય આપવા બેઠા. આટલા થાક પછી ગરમ નાસ્તો અને ચા મળવાથી એમને ઘણું સારું લાગતું હતું.

‘ભાઇ! તમને વાંધો ન હોય તો હું પ્રાર્થના કરી લઉં? મારી પ્રાર્થનાનો સમય થઇ ગયો છે!’ પેલી સ્ત્રીએ કહ્યું. ડોક્ટરે હકારમાં માથું હલાવ્યું. ચાની ચૂસકી લેતાં લેતાં મીણબત્તીના ઝાંખા અજવાળામાં ડોક્ટરે જોયું કે પેલી સ્ત્રી એક ઘોડિયાની બાજુમાં બેસીને પ્રાર્થના કરી રહી હતી. નવાઇની વાત એ હતી કે એકવાર પ્રાર્થના પૂરી થાય પછી એ સ્ત્રી ઉભી થવાના બદલે ફરીથી પ્રાર્થના શરૂ કરી દેતી હતી. વચ્ચે વચ્ચે એ ઘોડિયા સામે જોઇ લેતી હતી. અને ક્યારેક તો પોતાનાં આંસુ પણ લૂછી લેતી હતી.

ડોક્ટરને થયું કે નક્કી આ સ્ત્રી કાંઇક તકલીફમાં છે. એનાં આંસું કહી રહ્યાં હતાં કે તકલીફ સાદી નહીં પણ ગંભીર છે. કદાચ એને કોઇ મદદની જરૂર હોય અને પોતે ક્યાંય મદદરૂપ થઇ શકે તેમ હોય તો પોતે એ માટે તૈયાર છે એવું જણાવવા એણે કહ્યું, ‘બહેન! જો તમને વાંધો ન હોય અને મારા જેવા અજાણ્યાને કહી શકતાં હો તો હું તમારા દુઃખ વિશે સાંભળવા અને બને તો મદદરૂપ થવા તૈયાર છું. હું જોઇ રહ્યો છું કે તમે કાંઇક મોટી તકલીફમાં લાગો છો.’

પેલી સ્ત્રીએ થોડીવાર ડોક્ટર સામે જોયું. પછી કહ્યું, ‘ભાઇ!

ઉપરવાળો મારી ઘણી પ્રાર્થનાઓ સાંભળે છે, પરંતુ ખબર નહીં આ વખતે મારી પ્રાર્થનામાં એવી તે કઇ ખામ રહી ગઇ છે કે બસ, એક પ્રાર્થનાનો નથી તો એ જવાબ આપતો કે નથી કાંઇ રસ્તો બતાવતો. કદાચ મારી શ્રદ્ધામાં કાંઇક ખોટ હશે નહીંતર સાવ આવું તો જ બને!' એટલું કહેતાં એની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં.

'બહેન!' ડૉ. એહમદે કહ્યું, 'તમને જો વાંધો ન હોય તો મને કહેશો કે એવી કઇ વાત છે જે તમને વારંવાર રડાવી દે છે? એવું તો શું છે જે તમને એક પ્રાર્થના પછી તરત જ બીજી પ્રાર્થના કરાવડાવે છે? શું હું તમને કોઇ રીતે ઉપયોગી થઇ શકું ખરો?' થોડી વાર એ સ્ત્રી ડૉ. એહમદ સામે જોઇ રહી. ડૉક્ટરના અવાજમાં રહેલી સાચી સહાનુભૂતિ એને સ્પર્શી ગઇ હતી. એણે વાત શરૂ કરી, 'ભાઇ! આ ઘોડિયામાં સૂતો છે એ મારો પૌત્ર છે. એનાં મા–બાપ થોડા સમય પહેલાં કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યાં છે. આ બાળકને એક એવા પ્રકારનું કેન્સર છે કે આજુબાજુનાં શહેરોના કોઇપણ ડૉક્ટર એની સારવાર કરી શકે તેમ નથી. નજીકના એક મોટા શહેરના ડૉક્ટરે કહ્યું છે કે આ રોગની સારવાર અહીંયા શક્ય જ નથી, પરંતુ અહીંથી ખૂબ જ દૂર દેશના દક્ષિણ ભાગમાં એક ડૉક્ટર એવા છે જે આ કેન્સરની સફળતાપૂર્વક સારવાર કરી શકે છે. પરંતુ ભાઇ! હું એકલી, ઘરડી સ્ત્રી આટલા નાના માંદા બાળકને લઇને એમને શોધવા એટલે દૂર કઇ રીતે જાઉં? એટલે હું રોજ ઉપરવાળાને પ્રાર્થના કરું છું કે મને કોઇક રસ્તો બતાવે. પરંતુ ખબર નહીં મારી પ્રાર્થનાનો એ ક્યારે જવાબ આપશે?' ફરી એકવાર એ સ્ત્રીની આંખો છલકાઇ ગઇ.



'તમને એ ડૉક્ટરનું નામ, સરનામું કે બાળકના કેન્સરનો પ્રકાર એવું કાંઇ ખબર છે?' ડૉ. એહમદે પૂછ્યું.

'હા ભાઇ! દીકરાની ફાઇલમાં એ ડૉક્ટરનું નામ તેમજ બીજી બધી વિગત લખી છે. ઉભા રહો, હું તમને એ જોઇને કહું.' એ સ્ત્રીએ બાજુના ટેબલ પર પડેલી એના પૌત્રની ફાઇલ લઇને ખોલી.

'શું નામ છે એ ડૉક્ટરનું?' ડોક્ટરે પૂછ્યું

'ડૉક્ટર એહમદ!' એ ફલાણા શહેરમાં રહે છે! પેલી સ્ત્રીએ જવાબ આપ્યો.

ડૉક્ટર એહમદની બંન્ને આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. એણે રડતાં રડતાં જ કહ્યું, 'બહેન! ખરેખર ઉપરવાળો ખૂબ મહાન છે. એણે વિમાનમાં ખોટકો ઉભો કર્યો, વાવાઝોડું મોકલ્યું, અનરાધાર વરસાદ વરસાવ્યો, મને રસ્તો પણ ભુલાવી દીધો. આ બધું એણે એટલા માટે કર્યું કે એ તમારી પ્રાર્થનાનો જવાબ જુદી રીતે આપવા માંગતો હતો. એ તમને ડૉક્ટર એહમદ સુધી પહોચાડવા રાજી નહોતો, કારણ કે તમને કેટલી તકલીફ પડી શકે એ વાત એ બરાબર જાણતો હતો. એટલે જુઓ! એ ડૉક્ટર એહમદને જ તમારી પાસે લઇ આવ્યો. બહેન! હું જ છું એ ડૉક્ટર એહમદ!'

પેલી સ્ત્રી રડતાં રડતાં બોલી, 'હે ભગવાન! તું ખરેખર મહાન અને ખૂબ જ દયાળુ છે! પ્રાર્થનાનો જવાબ આપવાની તારી રીત ખરેખર નિરાળી છે!'

ડૉક્ટર એહમદ પણ આંખમાં આંસુ સાથે એ જ શબ્દો મનમાં બોલતા હતા.

# ખળે ખબરું થાય

જયભિખ્ખુ

(સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વેપારમાં જુઠ્ઠુ કર્યા વિના ચાલે નહીં. વેપારી કદી ધર્મનિષ્ઠા હોય જ નહીં. તેને તેવું થવું પાલવેજ નહીં.

આ માન્યતાને ખોટી પાડતો વ્યવહાર કરીને શ્રીમદ્ રાજચંદ્રે પોતાની સાથે વાયદામાં સોદો કરનાર વેપારીને જતી ખોટમાંથી કેવી રીતે મુક્ત કર્યો તે પ્રસંગ—લોક સાહિત્યકાર શ્રી જયભિખ્ખુએ અહીં રજુ કર્યો છે, તે જોઇએ. **—તંત્રી**)

પૈસા એ માણસની નીતિ માટે કસોટીનો પથ્થર છે. એ પથ્થર પર ઠોકર ખાઇને નીતિના કોણ જાણે કેટલાંય અમુલખ નાવ જલશરણ થયાં છે.નીતિને માર્ગે દ્રવ્ય ખર્ચનારા ઘણા શ્રીમંત મળી આવશે પણ નીતિને માર્ગે દ્રવ્ય રળીને શ્રીમંત થનારા વિરલા જ હશે.

એવો એક વેપારી હતો, મુંબઇની બજારમાં હતો તો સાવ જુવાનિયો, પણ ધંધામાં કુશળ. અનાજ, કાપડ ને કરિયાણાથી ધંધાની શરૂઆત કરીને આજે મોતી અને ઝવેરાતનાં મૂલે મુલવતો થયો હતો.

આ ધંધાદારી માણસ એકસાથે બે ધંધા કરતો હતો. એક વેપારી પેઢીનો અને બીજો ધર્મનો. વેપાર કરવા દુકાને બેસે, પણ મનમાં ચિંતવન ધર્મનું હોય, તત્ત્વનું હોય, વિદ્યાનું હોય. દુકાનમાં હિસાબી—કિતાબી ચોપડાના ખડકલા પડ્યા હોય, પણ એ સાથે ધર્મગ્રંથો પણ પડેલા હોય. રોજનીશી પણ હોય. **ચોપડામાં ધંધાનું જમા—ઉધાર લખે. ડાયરીમાં આત્માનું જમે—ઉધાર ચીતરે.**



પણ આવા ધરમી વેપારી તો ઘણા જોયા છે. દેખાય ઉજળા ફૂલ જેવા, પણ ચંદ્રમામાં સાદી નજરે કાળાં ધાબાં કળાય, એમ એમના જીવનમાં ઘણાં ધાબાં દેખાય. આખો દહાડો ધરમ ધરમ કરે, ને કોઇ હાથમાં આવ્યો તો સસ્તો ન છોડે. ત્યાં ન્યાય, નીતિ, ધર્મ, પ્રમાણિક્તા નેવે ચઢાવી દે. ધંધો ને ધરમ જુદો, એમ માને. હાથી દાંત જેવો ઘાટ રચે.

વેપારી માટે એટલે જ કહેવાય છે, કે મુખમાં રામ ને બગલમાં છૂરી! બલકે ઘણા કુશળ લોકોની એવી માન્યતા છે કે **ધર્મનો બુરખો ધારણ કરવાથી ધંધો બમણો ચાલે,** જેમ ઘસીને પોલિશ કરવાથી ગમે તેવું હલકું પણ સાગસીસમમાં ખપી જાય તેમ.

પણ આ વેપારી સાવ જુદા સ્વભાવનો. લોકો તો કહેતા, **'ભાઈ એ તો ખળે ખબરું થશે.'** આ વેપારી રોજ ડાયરી લખે. એમાં કંઇ કંઇ વાતો લખે, કંઇ કંઇ કવિતાઓ રચે.

**'ત્યાં આવ્યો ઉદય કારમો રે,**
**પરિગ્રહ કાર્ય પ્રપંચ કરે!**
**જેમ જેમ કે હડસેલીએ, તેમ**
**વધે, ન ઘટે એક રંચ રે!**

લોકો કવિતા સાંભળીને ડોલી જતા. પણ સંકલ્પી વિકલ્પી લોક કહેતા કે તત્ત્વજ્ઞાન કરતાં સુવર્ણની કિંમત વધારે છે. ન મળી નારી તો બાવા બ્રહ્મચારી. લક્ષ્મીદેવીનાં પગલાં થવા તો દો. પછી આ પોથાં થોથાં પૂજાના પાટલે પડ્યાં પડ્યાં રજે ભરાશે. **એ તો ખળે ખબરું થાય.**

એ યુવાન વેપારીની ધર્મવૃત્તિ વધવા લાગી, એમ ધંધામાં

પણ વિકાસ થવા લાગ્યો. રંગૂનના ચોખાનો વેપાર ઉપાડ્યો. આ વેપાર એનો ખૂબ સમય લઈ જતો. દુકાનના માણસોને સૂચના આપતો કે ભાવમાં ગમે તેટલી હેરફેર થાય, મને પત્ર ન લખતાં. લોકો કહેતા કે છ મહિનામાં બાર મહિનાનું કમાઈ લીધું, હવે છ મહિના આરામ કરે નહીં તો શરીર ક્યાંથી ટકે?

આ યુવકે લગ્ન કર્યું અને રોજનીશીમાં લખ્યું, 'સ્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરોણક દૃષ્ટિથી લખાયું છે, પણ તે તેમ નથી જ.' વળી લખે છે, **'સ્રીમાં દોષ નથી, દોષ આત્મામાં છે.'** એ દોષ જવાથી આત્મા જે જુએ છે, તે અદ્ભુત આનંદરૂપ જ છે. વળી લખે છે 'મહાન આત્માઓ દેહ બે કારણને લઈને ધારણ કરે છે. એક સંચિત કર્મ ભોગવવા અર્થે, બીજું જીવોના કલ્યાણ અર્થે. તથાપિ તે બંનેની પ્રાપ્ત થયેલ પરિસ્થિતિમાં ઉદાસીપણે રહે છે.'

સંસાર તો અજબ છે. પ્રશ્નકારો પૂછી બેસતા, 'આપ સંન્યાસીના જેવી દશા ભોગવો છો, પછી ઘર તેમ જ વેપાર–વ્યવહાર શી રીતે ચલાવી શકો છો?' એ જવાબ આપતા–ખૂબ જ તળપદું દૃષ્ટાંત આપીને કહેતા, 'એ તો સહજ છે. શૌચ જવા માટે શૌચઘરમાં જનારની પેઠે. ત્યાં જતાં શૌચઘર પર પ્રેમ રાખી કોઈ ત્યાં બેસી રહેતું નથી. બેસી રહેવા ઇચ્છતું નથી. એ પ્રમાણે વર્તીએ એટલે કશી જંજાળ વળગે નહીં.'

આ વેપારીએ એક વખત બીજા વેપારી જોડે સોદો કર્યો. ઝવેરાતનો હતો. અઢી લાખનું ઝવેરાત અમુક ભાવે અમુક દિવસે આપવું. બંને પક્ષ તરફથી લખાણ થયું. સહી–સિક્કા થયા. સોદો પાકો થયો. પણ કોણ જાણે કેમ? નસીબ પેલા વેપારીને રોવરાવવાનું હશે તે ઝવેરાતના ભાવ દિનપ્રતિદિન વધવા લાગ્યા. કૂદકે ને ભૂસકે વધવા લાગ્યા. સામા વેપારીને



આશા હતી કે ઝવેરાત પૂરું પાડવાની સમયમર્યાદા આવતાં સુધીમાં ભાવ ઠેકાણે આવી જશે. પણ ભાવ તો ભાવ ખાવા લાગ્યા. ઠેકાણે ન આવ્યા તે ન જ આવ્યા. સામા વેપારીને હજારોની ખાધ આવી ઊભી. માલ આપવાનો સમય નજીક આવી ગયો.

સામાવાળો વેપારી એ યુવાન વેપારી પાસે પહોંચી ગયો. કહે કે 'ભાઈ! બજારનો રંગ તો તમે જુઓ છોને? માલ પૂરો પાડવાની ચિંતા મારું હૈયું કોરી ખાય છે. થોડો વખત ખમી ખાઓ. ધર્મનિષ્ઠ વેપારીએ કહ્યું, 'શું ખમી ખાઉં? મને પણ એ જ ચિંતા પેઠી છે. હું તમારી પાસે આવવાનો જ હતો. ચિંતામાં ગરકાવ વેપારીએ કહ્યું, 'આવ્યા હોત તો આંખમાથા પર હતા, મારું જોર કંઈ ચાલત નહીં, પણ હજી બે દિવસની વધુ મુદત આપો.'

'અરે ભલા માણસ! મુદતની વાત કેવી? જે ચિંતા મને અને તને પકડી બેઠી છે, એને વળી વધારે વખત ક્યાં આપવો? **એ તો કર્યાં એ કામ અને ભજ્યા એ રામ!**' ધર્મનિષ્ઠ વેપારીએ સોદો પરત પતાવવા આગ્રહ કર્યો. સામો વેપારી બોલ્યો, 'ઓહ, આટલી અધિરાઈ' અને મનમાં બબડ્યો કે તમારા તત્ત્વજ્ઞાનને આજ પિછાણી લીધું. **ધરમકરમની તો ખળે ખબરું થાય!**

ધર્મી વેપારીએ કહ્યું, 'અધિરાઈ સ્વાભાવિક છે. માથે લટકતી તલવાર રાખીને કોને ઊંઘ આવે?'

'તો પછી હું જાઉં છું. બંદોબસ્ત કરું છું. મારું જે થવાનું હશે તે થશે.' વેપારીએ કહ્યું, ધર્મનિષ્ઠ વેપારીએ પેટીમાંથી દસ્તાવેજ કાઢીને બતાવતાં કહ્યું, 'આ દસ્તાવેજ તો બરાબર છે ને!' 'હું ક્યાં ના પાડું છું? દસ્તાવેજ બરાબર છે. સાતવાર બરાબર છે.'

'લટકતી તલવાર તો આ દસ્તાવેજની જ છે ને?'

'હા. મારું ગળું કાપવું હોય તો કાપી નાખો એનાથી.' 'ચિંતા માત્ર આ કાગળમાં જ છે ને?' ધર્મનિષ્ઠ વેપારીએ વળી કહ્યું. સામો વેપારી મૂંગો રહ્યો. એને આ તત્ત્વજ્ઞાની ઉપર ચીડ ચઢી.

'ભય માત્ર આનો જ છે ને? એ ભય હું ટાળી દઉં છું.' ને પેલા ધર્મનિષ્ઠ વેપારીએ એ દસ્તાવેજના કાગળના બે ચીરા કર્યા. ચાર ચીરા કર્યા. વળી ચાર ઊભા ચીરા કર્યા. ચાર ચીરા આડા કર્યા. આગળ વધીને એ ચીરા પેલા વેપારીને આપતાં કહ્યું, 'આ પાણીના પ્યાલામાં પ્યાલામાં એને પલાળીને પેલી બાટલીનો બૂચ બનાવી દો.' સામો વેપારી સડક જ થઈને ઊભો રહ્યો. એ બોલ્યો, 'અરે આ તો અઢી લાખનું કાગળિયું છે!' 'ભલેને તે પાંચ લાખનું હોય. તમે છૂટા, હું છૂટો. ભાવ વધ્યો ત્યારથી મને ઊંઘ આવતી નહોતી. મનમાં થતું કે આ સોદો શી રીતે પૂરો થશે? વેપારી વેપાર કરે, કમાય, પણ સામાને ખુવાર તો ન કરે. મારા મનમાં આ દાહ લાગ્યો હતો. આ માટે તમને જલદી મળવા ઈચ્છતો હતો.'

સામો વેપારી પૂતળા જેવો થઈ ગયો. થોડી વારે એ બોલ્યો, 'તમે વેપારી છો કે સાધુ?'

**'હું સાધુ નથી. વેપારી છું. વેપારીને પણ નીતિધર્મના સાધુ જેવાં વ્રતો હોય છે. વેપારી વેપારમાંથી દૂધ પીવે પણ માણસનું લોહી તો કદી ન પીવે.'**

સામો વેપારી આ ધર્મનિષ્ઠ વેપારીનાં ચરણમાં પડી ગયો. એ બોલ્યો, 'તમે વેપારી નથી. તમને નમવું તે સાધુને નમન બરાબર છે.' આ સાધુ વેપારીની વાત બજારમાં જેણે જેણે જાણી એનું માથું સ્વતઃ નમી ગયું.

આ સાધુ વેપારીનું નામ શ્રીમદ્ રાજચંદ્ર! વીસમી સદીના મહાન તત્ત્વચિંતક અને મહાત્મા ગાંધીજીના એક ગુરુ! ○



# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **—શ્રી યોગેશ્વરજી**

સત્રાજિતને પશ્ચાતાપ થવા લાગ્યો.

એની શરમનો પાર ના રહ્યો.

કૃષ્ણની ઉપર પ્રસેનના નાશનું ને મણિની ચોરીનું ખોટું આળ ચઢાવવા માટે એનો આત્મા ડંખવા લાગ્યો.

એણે કૃષ્ણની ક્ષમા માગી.

પરંતુ એટલાથી જ એને શાંતિ ના વળી.

કૃષ્ણની પ્રસન્નતાની પ્રાપ્તિ માટે એણે પોતાની સુકન્યા સત્યભામા એમને અર્પણ કરવાની ઈચ્છા બતાવી અને સ્યમંતક મણિ પણ એમના ચરણમાં રાખી દીધો.

કૃષ્ણે કહ્યું :

'સત્રાજિત, મને મણિની લાલસા નથી. મેં કરેલો પુરુષાર્થ તો મારે માથે લાગેલા કલંકને ધોવા માટે જ હતો.'

'તેની મને માહિતી છે. એ જાણીને મારો તમારે માટેનો પ્રેમ ને પૂજ્યભાવ વધી ગયો છે. એથી પ્રેરાઈને મણિ તમારા ચરણે ધરું છું. તમે તેનો તમારી ઈચ્છાનુસાર ઉપયોગ કરી શકશો.'

'પરંતુ મારાથી મણિ ના લેવાય.'

'કારણ?'

'મારો એના પર અધિકાર નથી. વળી એનો ઉપયોગ કરીને હું સ્વર્થી થવા નથી માગતો. મારું સમસ્ત જીવન અને જીવનનું સર્વસ્વ સમાજને માટે છે. મારે માટે નથી.'

'તો એનો ઉપયોગ સમાજને માટે કરજો.'

કૃષ્ણ વિચારમાં પડ્યાને બોલ્યા :

'મણિની સિદ્ધિનો ઉપયોગ સમાજને માટે થાય એ બરાબર છે. પરંતુ એ પ્રયોજનથી પ્રેરાઇને પણ મણિને મારી પાસે તો નહિં જ રાખું. એ તારો છે ને ભલે તારી પાસે રહે. એની દ્વારા પ્રાપ્ત થનારા સુવર્ણ પર મારો એટલે કે સમસ્ત સમાજનો અધિકાર રહેશે. એ સમાજની સુખાકારી માટે વપરાશે.'

સત્રાજિતે એ પ્રસ્તાવ માન્ય રાખ્યો. એણે કહ્યું :

'આવી નિર્લોભતા તો તમારા જેવા મહામાનવ જ રાખી શકે.'

એ પ્રસંગથી કૃષ્ણની પ્રતિષ્ઠા વધી ગઇ.

★ ★ ★

પરંતુ એ પ્રસંગના પ્રત્યાઘાત જુદી રીતે પણ પડવા લાગ્યા.

શતધન્વા સત્યભામાને પોતાની પ્રિયતમા બનાવવા માગતો'તો.

સત્રાજિતે એને એ માટે આશા પણ આપેલી.

મણિની સિદ્ધિની વાત સાંભળ્યા પછી એને મણિ મેળવવાની લાલસા પણ થયા કરતી.

એ લાલસામાં એને બીજા કેટલાકનો સહકાર હતો.

એણે સત્રાજિત પાસે પહોંચીને કહ્યું :

'તમે તમારા વચનનો ભંગ કર્યો છે.'

'ક્યા વચનનો? મેં તને કોઇ વચન આપ્યું જ નથી,'

'તમે મને સત્યભામાને સમર્પિત કરવાનો સંકલ્પ કર્યો છે.'

'બિલકુલ નહિ. સત્યભામાને માટે કૃષ્ણ જ સૌથી વધારે યોગ્ય છે. એમની નિર્લોભિતા જોઇને હું મુગ્ધ થયો છું. એમણે



મણિને હાથ પણ ના લગાડ્યો.'

'એને નિર્લોભતા માનો છો? એ હાથ શા માટે લગાડે? એને એનું ફળ તો મળી જવાનું છે. એના ફળને ગ્રહણ કરવાની ના પાડીને એ પોતાનો નિર્મોહ બતાવી શક્ત.'

'પરંતુ ફળ તો એ પ્રજાજનોને માટે માગે છે.'

શતધન્વા હસ્યો ને બોલ્યો :

'ખોટું. એનો ઉપયોગ એ પોતાને માટે જ કરશે. એ મહાચતુર છે. અને તમે ઓળખી નથી શક્યા. પણ મારે શું? તમે મને સત્યભામા આપશો કે નહિં?'

'એક કન્યા બે પુરુષોને નથી અપાતી.'

'એટલે? એનું પરિણામ શું આવશે તે જાણો છો?'

'ગમે તે આવે.'

'તમે નહિ જ માનો?'

'ના.'

'ખરેખર નહિ માનો?'

'ના.'

શતધન્વા ખૂબ જ ક્રોધે ભરાયો.

એણે એકાએક હુમલો કરીને એને મારી નાખ્યો.

એ પછી એ સ્યમંતક મણિને લઇને નાસી ગયો.

એ વખતે કૃષ્ણ ને બળરામ દ્વારકામાં ન હતા. પાંડવો કુંતી સાથે લાક્ષાગૃહમાં બળી મર્યા છે એવા સમાચાર સાંપડ્યાથી એમાં વિશ્વાસ ના હોવા છતાં એ હસ્તિનાપુર ગયેલા.

(ક્રમશઃ)